# વિચાર

વર્ષ ૨૦ અંક ૩, સળંગ અંક ૭૨ જુલાઈ–સપ્ટેમ્બર, ૨૦૧૫




યૂરોપીય સંઘ

उन्नति UNNATI

# અનુક્રમ


- **સંપાદકીય** 3
- ટકાઉ વિકાસનાં ધ્યેયો (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - એસડીજી) 4
- વિકલાંગતાના મોડલ તથા વિકલાંગતા તરફનો અભિગમ 14
- ગુજરાત રાજ્યના સરકારી વિભાગોમાં વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં જોડવી - કેટલાંક સૂચનો 15
- સાબરકાંઠા જિલ્લાના પોશિના સીએચસીમાં વિકલાંગતા પ્રમાણન કેમ્પ 18
- વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે સમાવેશક આજીવિકા અને કૌશલ્યવર્ધન અંગે રાજ્યકક્ષાનો પરિસંવાદ 20
- એમજીનરેગાને અસરકારક બનાવવા માટેના પ્રયત્નો 22
- ગુજરાતમાં 'પેસા'ના અમલીકરણને અર્થપૂર્ણ બનાવવું - કેટલાંક અવલોકનો 25
- અનુસૂચિત જાતિ અને જનજાતિ (એસ.સી./એસ.ટી.) માટે એટ્રોસિટી પ્રિવેન્શન એક્ટ, ૧૯૮૯માં મહત્ત્વના સુધારા 29
- અખબારની ક્લિપિંગઃ સ્વચ્છ ભારતઃ કોનું અભિયાન? - રોબર્ટ ચેમ્બર્સ 31
  - ઈન્ડિયન એક્સપ્રેસ, ૯ ઓક્ટોબર, ૨૦૧૫

# ટકાઉ વિકાસ માટે પૃથ્વી તથા આપણાં જીવનનું નવીનીકરણ કરવું

સામાજિક-આર્થિક ક્ષેત્રે વધતી અસમાનતાઓ વિકાસ આડે અંતરાય ઊભો કરે છે. માનવ વિકાસના મોડલના આધારે આ દલીલ સાથે વિશ્વભરના તમામ દેશો સંમત છે. બે વિશ્વયુદ્ધોની વિનાશક અસરોને પગલે ૧૯૪૫માં વૈશ્વિક ધોરણે સંયુક્ત રાષ્ટ્રો (યુનાઇટેડ નેશન્સ - યુ.એન.)ની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં ૧૯૩ દેશો તેના સભ્યો છે. યુએન સ્ત્રી-પુરુષ સમાનતા, માનવ અધિકારો, ટકાઉ વિકાસ, સામાજિક સુરક્ષા, સંવાદિતા, સમાનતા અને શાંતિને ઉત્તેજન આપવા માટે તેમ જ માનવતાવાદી અને સામાજિક ન્યાયના મુદ્દાઓને વેગ આપવા માટેની કામગીરી હાથ ધરવા માટેની યોગ્યતા ધરાવે છે. તે તેનાં સભ્ય-રાષ્ટ્રોને ચર્ચા-વિચારણા કરવા માટેનો મંચ પૂરો પાડે છે તથા વિવિધ દેશોની સરકારોને લેવાયેલા નિર્ણયો લાગુ કરવાની ફરજ પાડીને નિશ્ચિત માળખાંની અંદરના સમાન પ્રશ્નો પર ધ્યાન આપવા માટેની વ્યવસ્થા વિકસાવે છે. આ કામગીરીની દેખરેખ પણ રાખવામાં આવે છે અને દેશોને જવાબદાર પણ ઠેરવવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાને આ વર્ષે ૭૦ વર્ષ પૂરાં થયાં છે અને ૧૭ ટકાઉ વિકાસ ધ્યેયો (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - એસડીજી) પ્રસ્થાપિત કર્યાં છે. ૧૮૯ દેશોએ ૨૦૩૦ સુધીમાં આ ધ્યેયો હાંસલ કરવાની કટિબદ્ધતા દર્શાવી છે. દાયકાઓ દરમિયાન વિકાસની વ્યાખ્યા બદલાઈ છે. આર્થિક વિકાસની સાથે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે ટકાઉ વિકાસ - પર્યાવરણના રક્ષણ અને સામાજિક કલ્યાણની સાથે-સાથે આર્થિક તક - એ તમામ સજીવોનું જીવન બહેતર બનાવવા માટેની ચાવી છે. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ, વિશ્વના નેતાઓએ ગરીબીનો અંત આણવા માટે, અસમાનતાઓ ઘટાડવા માટે અને પર્યાવરણનું સંરક્ષણ કરવા ૧૫ વર્ષના વૈશ્વિક આયોજનનો સ્વીકાર કર્યો, જે ટકાઉ વિકાસ ધ્યેયો (એસડીજી) તરીકે ઓળખાય છે. વિકાસના ૧૫ વર્ષીય માળખાને સાર્વત્રિક સ્વીકૃતિ મળી, તે અગાઉ યુએનના સેક્રેટરી-જનરલ બાન કી-મૂને તેને - નેતાઓ દ્વારા તમામ નાગરિકોને આપવામાં આવેલું વચન - ગણાવ્યું હતું. તેમના જણાવ્યા પ્રમાણે, આ લક્ષ્યો લોકો તેમ જ પૃથ્વી માટેનો એજન્ડા છે તથા સાર્વત્રિક સમૃદ્ધિ, શાંતિ અને ભાગીદારી માટેનો એજન્ડા છે. તે પર્યાવરણના રક્ષણ માટે ત્વરિત પગલાં હાથ ધરવાની જરૂરિયાત દર્શાવે છે, સ્ત્રી-પુરુષ સમાનતા અને તમામ લોકોના અધિકારોનો આદર કરવાની જરૂરિયાત તથા સાર્વત્રિક વિકાસની જરૂરિયાત દર્શાવે છે. તમામ રાષ્ટ્રો આ ક્ષેત્રે કામગીરી કરે તેની જરૂરિયાત પર ભાર મૂકીને બાન કી-મૂન લક્ષ્યોનું અમલીકરણ એ એજન્ડા ૨૦૩૦ની કટિબદ્ધતાની ખરી કસોટી હોવાનું જણાવે છે. આ એજન્ડા માટે સાંસદો, સ્થાનિક સરકારો તથા નાગરિક સમાજો સહિતના તમામ હિતધારકોની વૈશ્વિક ભાગીદારી જરૂરી બની રહે છે. એકલા હાથે કામ કરીને કોઈ સફળ થઈ શકે નહીં. ૨૦૧૫-૨૦૩૦ સુધીમાં હાંસલ કરવાનાં ૧૬૯ લક્ષ્યાંકો સાથે ૧૭ એસડીજી (ટકાઉ વિકાસ ધ્યેયો) નક્કી કરવામાં આવ્યાં છે. વિકાસ લક્ષ્યો તરીકે નક્કી કરાયેલાં ૮ મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ (એમડીજી) ૨૦૦૦-૨૦૧૫ના સ્થાને ઉપરોક્ત ધ્યેયો પ્રસ્થાપિત કરવામાં આવ્યાં છે. એમડીજીએ સાબિત કર્યું છે કે દરેક રાષ્ટ્ર માટે કામગીરીનાં લક્ષ્યાંકો તથા કાર્યસૂચિ પ્રસ્થાપિત કરવાથી સામાજિક વિકાસ ક્ષેત્રે કેટલીક પ્રગતિ સાધી શકાઈ છે, જો કે, હજી પણ ઘણાં ધ્યેયો સિદ્ધ કરવાનાં બાકી છે. એમડીજી થકી જે શક્ય ન બન્યું તે ક્ષતિઓ પૂરી કરવાની અને તે લક્ષ્યો હાંસલ કરવાનું એસડીજીનું ધ્યેય છે. કોઈ પણ વ્યક્તિ આ સાર્વત્રિક વિકાસથી વંચિત ન રહી જાય તેના પર ભાર મૂકવામાં આવે છે. તેથી, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અત્યંત ગરીબ હોવાનું તથા આવાં લોકોની વૈશ્વિક વસતિ વધી રહી હોવાનું માલૂમ પડતાં આ વખતે વિકલાંગતાની સમસ્યાને પણ આવરી લેવામાં આવી છે. આમ, લક્ષ્યોને સંબંધિત દેશની પરિસ્થિતિના આધારે અમલ કરી શકાય તેવાં આયોજનોમાં રૂપાંતરિત કરવાની જે-તે દેશની જવાબદારી બને છે.

એમડીજી સમયે કરવામાં આવેલી તૈયારીથી અલગ, નાગરિક સમાજને સાંકળવા સહિત વ્યાપક સલાહ-મસલતના આધારે એસડીજી તૈયાર કરવામાં આવ્યાં છે. નાગરિક સમાજનું પ્રતિનિધિત્વ કરતા સંગઠન 'એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ'ના સેક્રેટરી જનરલ શ્રી સલિલ શેટ્ટીએ જણાવ્યું હતું કે, નવાં ધ્યયોનું અમલીકરણ ચાર ઉદ્દેશ્યો સર કરતું હોવું જોઈએ - માલિકી કસોટી, જે ગરીબ અને વંચિત લોકોને દરેક તબક્કે નિર્ધારકો બનાવે છે, ઉત્તરદાયિત્વ (જવાબદારી) કસોટી, જે હેઠળ સરકારોએ શું વચન આપ્યું હતું અને કેટલાં વચનો પૂરાં કરવામાં આવ્યાં તેની વિગતો આપવી જરૂરી છે, ભેદભાવરહિત કસોટી - એટલે કે જાતિ, વંશ, જ્ઞાતિ, ધર્મ કે અન્ય કોઈ દરજ્જાના આધારે કરવામાં આવતા બહિષ્કારને ચલાવાશે નહીં, અને સુસંગતતા કસોટી - જે હેઠળ લોકોને કામગીરી અંગેની વ્યાપક માહિતી પ્રાપ્ત થશે. શાંતિ, એક્તા અને સંવાદિતા જાળવી રાખવા માટે કટિબદ્ધતા હોવી સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બની રહે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એસડીજીની તરફેણમાં વક્તવ્ય આપ્યું હતું અને વર્તમાન સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા કલ્યાણકારી કાર્યક્રમો ૨૦૩૦ સુધીમાં ટકાઉ વિકાસનાં ધ્યેયો સિદ્ધ કરવામાં મદદરૂપ નીવડશે તેમ જણાવ્યું હતું. ગરીબી તથા ભૂખમરો નાબૂદ કરવા માટેનાં, આરોગ્ય અને શિક્ષણમાં સુધારો લાવવા માટેનાં, સ્ત્રી-પુરુષ સમાનતા સુનિશ્ચિત કરવા માટેનાં, વિકાસને વધુ સમાવેશક અને ટકાઉ બનાવવા માટેનાં તથા જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ)ને નાથવા સહિતનાં લક્ષ્યોને આપણી રાષ્ટ્રીય નીતિઓમાં સામેલ કરવા માટે ચાલો, આપણે સૌ સાથે મળીને કામ કરીએ. ■

# ટકાઉ વિકાસનાં ધ્યેયો
## (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - એસડીજી)

'ટકાઉ વિકાસનાં ધ્યેયો' (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - એસડીજી) અંગેનો આ લેખ ઉન્નતિના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર **દીપા સોનપાલ** દ્વારા સંકલિત કરવામાં આવ્યો છે.

### પૂર્વભૂમિકા

પ્રથમ અને દ્વિતીય વિશ્વ યુદ્ધે વેરેલા વિનાશનાં ભયાનક પરિણામો નિહાળ્યાં બાદ, સિત્તેર વર્ષ અગાઉ વિશ્વના તત્કાલિન નેતાઓએ એકત્રિત થઈને સંયુક્ત રાષ્ટ્રો (યુનાઇટેડ નેશન્સ - યુએન)ની સ્થાપના કરી. મંત્રણા તથા આંતરરાષ્ટ્રીય સહકાર મારફત શાંતિ અને સંવાદિતાનાં મૂલ્યોને વેગ આપવાના ઉદ્દેશ્યથી યુએનની સ્થાપના કરવામાં આવી હતી. હાલ યુએનના સભ્ય દેશોની સંખ્યા ૧૯૩ છે.

આ સમયગાળા દરમિયાન યુએનના સભ્ય દેશોએ ઘણી આંતરરાષ્ટ્રીય સંધિઓ કરી છે. આ પૈકીની કેટલીક મહત્ત્વની સંધિઓ આ પ્રમાણે છેઃ ધ યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ, ૧૯૪૮ (માનવ હક્કોની સાર્વત્રિક ઘોષણા), ધ રિયો ડિક્લેરેશન ઓન એન્વાયર્મેન્ટ એન્ડ ડેવલપમેન્ટ, ૧૯૯૨ (પર્યાવરણ અને વિકાસ અંગેની રિયો ઘોષણા), ધ વર્લ્ડ સમિટ ઓન સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ, ૨૦૦૨ (ટકાઉ વિકાસ અંગેની શિખર પરિષદ), ધ વર્લ્ડ સમિટ ફોર સોશ્યલ ડેવલપમેન્ટ, ૧૯૯૫ (સામાજિક વિકાસ માટેની વિશ્વ શિખર પરિષદ), ધ પ્રોગ્રામ ઓફ એક્શન ઓફ ધ ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ, ૧૯૯૪ (વસતિ અને વિકાસ અંગે આંતરરાષ્ટ્રીય સભાની કામગીરી અંગેનો કાર્યક્રમ), ધ બીજિંગ પ્લેટફોર્મ ફોર એક્શન, ૧૯૯૫ અને ધ યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ, ૨૦૧૨ (ટકાઉ વિકાસ અંગેની સંયુક્ત રાષ્ટ્રોની પરિષદ). વિકાસ પર ભાર મૂકવામાં આવતો હોવા છતાં વિશ્વ ઘણા પડકારો સામે ઝઝૂમી રહ્યું છે. અબજો નાગરિકો ગરીબીમાં જીવન ગુજારી રહ્યાં છે તથા ગૌરવયુક્ત જીવનથી વંચિત છે. દેશની અંદર તથા જુદા-જુદા દેશો વચ્ચે અસમાનતાઓ વિકસી રહી છે. તક, સંપત્તિ અને સત્તાની વ્યાપક વિષમતા જોવા મળે છે. સ્ત્રી-પુરુષ અસમાનતા (જેન્ડર) આજે પણ મોટો પડકાર છે. બેરોજગારી, ખાસ કરીને યુવાવર્ગની બેરોજગારી ચિંતાનો વિષય છે. વૈશ્વિક આરોગ્ય સામેનાં જોખમો, અવાર-નવાર સર્જાતી વિનાશક કુદરતી હોનારતો, સંઘર્ષ, હિંસક ઉગ્રવાદ, આતંકવાદ, સંબંધિત માનવીય કટોકટી તથા બળજબરીપૂર્વક લોકોનું સ્થળાંતર વગેરે જેવી સમસ્યાઓને કારણે તાજેતરના દાયકાઓમાં થયેલો વિકાસ અવળી દિશામાં વળવાનું જોખમ ઊભું થયું છે. કુદરતી સંસાધનોમાં થઈ રહેલા ઘટાડા અને રણ-વિસ્તરણ, દુકાળ, જમીનની ગુણવત્તામાં ઘટાડો, તાજાં પાણીની અછત, જૈવિક વૈવિધ્યને પહોંચેલું નુકસાન વગેરે સહિતની પર્યાવરણીય પ્રદૂષણની વિપરિત અસરોને કારણે માનવ સમુદાય સામેના પડકારો વધવાની સાથે-સાથે વધુ ગંભીર બન્યા છે. જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) વર્તમાન સમયના સૌથી મોટા પડકારો પૈકીનો એક છે તથા તેની વિપરિત અસરો ટકાઉ વિકાસ સાધવાની તમામ દેશોની ક્ષમતાને ક્ષીણ કરે છે. વૈશ્વિક તાપમાનમાં થયેલા વધારા, દરિયાઈ સપાટીમાં વધારો, દરિયાનાં પાણીમાં હાનિકારક રસાયણોની માત્રામાં વધારો તથા જળવાયુ પરિવર્તનની અન્ય અસરોને પરિણામે દરિયાકાંઠાના વિસ્તારો, નીચી સપાટી ધરાવતા દરિયાકાંઠાના દેશો તથા ટાપુઓને ગંભીર નુકસાન પહોંચ્યું છે. તેના કારણે ઘણા સમુદાયો તેમ જ પૃથ્વીની જૈવિક સહાયક વ્યવસ્થા પણ જોખમાઈ છે.

આ સમસ્યાઓની સાથે જ, ઘણી તકો પણ ઉપલબ્ધ છે. વિકાસ આડેના ઘણા પડકારોને પહોંચી વળવા ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયગાળામાં કરોડો લોકો ગરીબીના ભરડામાંથી મુક્ત થયા છે. ખાસ કરીને, છોકરાઓ અને છોકરીઓ માટે શિક્ષણની પ્રાપ્યતામાં મોટાપાયે વધારો થયો છે. સંચાર તકનીક (કમ્યુનિકેશન ટેકનોલોજી) તથા વૈશ્વિક આંતરજોડાણનો પ્રસાર માનવ પ્રગતિને વધારવાની, ડિજિટલ વિભાજીકરણ વચ્ચે સેતુ સાધવાની અને જ્ઞાનપ્રદ સમુદાય વિકસાવવાની ભરપૂર સંભવિતતા ધરાવે છે.

આશરે ૧૫ વર્ષ પહેલાં, ૨૦૦૦માં સહસ્ત્રાબ્દી વિકાસ ધ્યેયો (મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ- એમડીજી) પ્રસ્થાપિત કરવામાં આવ્યાં હતાં. તેના થકી વિકાસ માટેનું મહત્ત્વનું માળખું પ્રાપ્ત થયું અને તેના કારણે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ સાધવામાં આવી, પરંતુ આ પ્રગતિ ખાસ કરીને અલ્પ વિકસિત દેશોમાં, આફ્રિકામાં, ચારેય બાજુએથી જમીનથી ઘેરાયેલા વિકાસશીલ દેશો અને નાના ટાપુઓમાં બિનટકાઉ રહી છે. વળી, માતાના આરોગ્ય, નવજાત શિશુનું આરોગ્ય તથા

પ્રજોત્પાદનલક્ષી આરોગ્યને લગતી સમસ્યાઓમાં એમડીજી (મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ) સચોટ નથી રહ્યા. અલ્પ વિકસિત દેશોને તથા ખાસ પરિસ્થિતિ હેઠળના અન્ય દેશોને સુસંગત સહાય કાર્યક્રમો સાથે સુસંગત કેન્દ્રીત તથા વધુ સહાય પૂરી પાડીને તમામ એમડીજીને સુસ્પષ્ટ કરવા માટે આપણે કટિબદ્ધ છીએ. મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ થકી જે લક્ષ્યાંકો હાંસલ ન થઈ શક્યાં (ખાસ કરીને વંચિત સમુદાયો સુધી પહોંચવા માટે) તે પૂર્ણ કરવા માટે, ૨૫-૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન ન્યૂયોર્ક ખાતે યુએન એસેમ્બ્લીના ૬૯મા અધિવેશનમાં સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી) પ્રસ્થાપિત કરવામાં આવ્યાં. આ લક્ષ્યો વંશ, રંગ, જાતિ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય, રાષ્ટ્રીય કે સામાજિક મૂળ, મિલકત, જન્મ, વિકલાંગતા કે અન્ય દરજ્જાને ધ્યાન પર લીધા વિના તમામ લોકો માટેના મૂળભૂત સ્વાતંત્ર્ય અને માનવ હક્કોનું રક્ષણ કરવા માટે, તેનો આદર કરવા અને તેને વેગ આપવા માટે સંયુક્ત રાષ્ટ્રોના ઘોષણાપત્રને અનુસરવાની તમામ દેશોની જવાબદારી પર ભાર મૂકે છે. ટકાઉ વિકાસનાં ધ્યેયો (એસડીજી)માં સુગ્રથિત અને અવિભાજ્ય ૧૬૯ સંલગ્ન લક્ષ્યો છે. આ લક્ષ્યાંકોનું ક્ષેત્ર એમડીજી કરતાં વધુ વ્યાપક તથા વિસ્તૃત છે. ગરીબી નાબૂદી, આરોગ્ય, શિક્ષણ અને ખાદ્યાન્ન સલામતી તથા પોષણ જેવી વિકાસલક્ષી પ્રાથમિકતાઓને યથાવત્ રાખવાની સાથે-સાથે તે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય ઉદ્દેશ્યોની વ્યાપક શ્રેણી પ્રસ્થાપિત કરે છે. સાથે જ તે અમલીકરણના ઉપાયો પણ સૂચવે છે. નિશ્ચિત કરેલા સુગ્રથિત અભિગમને પ્રતિબિંબિત કરતાં, નવાં ધ્યેયો વચ્ચે ઘણાં ગાઢ આંતરજોડાણો છે.

એસડીજીમાં નક્કી કરવામાં આવેલાં ધ્યેયો માનવ સમુદાય અને પૃથ્વી માટે અત્યંત જરૂરી હોય તેવાં ક્ષેત્રોમાં આગામી ૧૫ વર્ષ (૨૦૩૦) સુધી કામગીરી કરવા માટેનું ઉત્તેજન પૂરું પાડશે. ટકાઉ વિકાસના આ ધ્યેયોમાં આપવામાં આવેલા શબ્દોનું સ્પષ્ટીકરણ નીચે આપ્યું છે:

## લોકો

તમામ સ્વરૂપો તથા તમામ પ્રકારની ગરીબી તથા ભૂખમરાનો અંત આણવો અને તમામ લોકો તંદુરસ્ત વાતાવરણમાં સમાનતાપૂર્ણ રીતે તથા ગૌરવપ્રદ રીતે તેમની સંભવિતતાઓ, તેમની ક્ષમતાઓનો પૂર્ણ ઉપયોગ કરી શકે તે સુનિશ્ચિત કરવું.

## પૃથ્વી

વર્તમાન તથા ભાવિ પેઢીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) અંગે તાકીદનાં પગલાં લેવાં તથા પૃથ્વી પરનાં કુદરતી સંસાધનોનું સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન કરવું તેમ જ સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદન થકી પૃથ્વીનાં પ્રદૂષણ અને તેની ગંભીર અસરો સામે રક્ષણ કરવું.

## સમૃદ્ધિ

તમામ લોકો સમૃદ્ધ અને પરિપૂર્ણ જીવન માણી શકે અને કુદરત સાથે તાદાત્મ્ય સાધીને આર્થિક, સામાજિક અને તકનીકી વિકાસ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

## શાંતિ

ભય અને હિંસાથી મુક્ત હોય તેવા શાંતિપૂર્ણ, ન્યાયપૂર્ણ અને સમાવેશક સમુદાયોનું સંવર્ધન કરવું. શાંતિ વિના સાતત્યપૂર્ણ વિકાસ શક્ય નથી અને તે જ રીતે સાતત્યપૂર્ણ વિકાસ વિના શાંતિ શક્ય નથી.

## ભાગીદારી

અત્યંત ગરીબ અને પછાત હોય તેવાં લોકોની જરૂરિયાતો પર ધ્યાન આપીને, તમામ દેશો, તમામ હિતધારકો અને તમામ લોકોની સહભાગિતા સાથે મજબૂત વૈશ્વિક એક્તાના આધારે, સાર્વત્રિક ભાગીદારી દ્વારા આ કાર્યસૂચિનો અમલ કરવા માટેના જરૂરી ઉપાયોને ગતિશીલ કરવા.

નવી કાર્યસૂચિનો ઉદ્દેશ્ય સુસ્પષ્ટ થઈ ચૂક્યો છે તે સુનિશ્ચિત કરવા માટે ટકાઉ વિકાસ ધ્યેયો (એસડીજી)નાં આંતરજોડાણો અને સુગ્રથિત સ્વરૂપ ઘણાં મહત્ત્વનાં બની રહે છે. જો કાર્યસૂચિના પૂર્ણ ક્ષેત્રમાં આપણે આપણી મહત્ત્વાકાંક્ષા અંગે સ્પષ્ટ થઈશું, તો તમામ લોકોનાં જીવન બહેતર થશે.


એસડીજી પૂર્ણપણે સુસ્પષ્ટ કરે છે કે સ્ત્રી-પુરુષ સમાનતા અને મહિલા સશક્તિકરણ તમામ લક્ષ્યાંકો પાર પાડવામાં મહત્ત્વનું યોગદાન પૂરું પાડશે. માનવ સમુદાયનાં અડધોઅડધ સમુદાયને તેમના પૂર્ણ માનવ હક્કો અને તકોથી વંચિત રાખીને પૂર્ણ માનવ સંભવિતતા અને સાતત્યપૂર્ણ વિકાસ સિદ્ધ થઈ શકે નહીં. ગુણવત્તાયુક્ત શિક્ષણ, આર્થિક સંસાધનો અને રાજકીય સહભાગિતા, યુવતીઓ તથા મહિલાઓ માટે પણ સમાન ધોરણે પ્રાપ્ય બનવાં જોઈએ તેમ જ રોજગારી, આગેવાની અને તમામ સ્તરે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓને પણ પુરુષો અને છોકરાઓ જેટલી જ પૂરતી તકો મળવી જોઈએ. વૈશ્વિક, રાષ્ટ્રીય તથા પ્રાદેશિક કક્ષાએ મહિલાઓનાં સશક્તિકરણ માટે અને સ્ત્રી-પુરુષ ભેદભાવને દૂર કરવા માટે આપણે રોકાણમાં નોંધપાત્ર વધારો

## ૨૦૩૦ સુધીમાં સિદ્ધ કરવાના ટકાઉ વિકાસ ધ્યેયો
### (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ – એસ.ડી.જી.)




**ધ્યેય ૧:**

તમામ પ્રકારની ગરીબીને સાર્વત્રિક ધોરણે નાબૂદ કરવી.




**ધ્યેય ૨:**

ભૂખમરાનો અંત આણવો, ખાદ્યાન્ન સલામતી અને બહેતર પોષણ હાંસલ કરવાં તથા સાતત્યપૂર્ણ કૃષિને વેગ આપવો.




**ધ્યેય ૩:**

તંદુરસ્ત જીવન સુનિશ્ચિત કરવું અને તમામ વયનાં તમામ લોકોની સુખાકારીને વેગ આપવો.




**ધ્યેય ૪:**

સમાવેશક અને સમાનતાપૂર્ણ શિક્ષણ સુનિશ્ચિત કરવું અને તમામ લોકો માટે આજીવન શિક્ષણની તકોને વેગ આપવો.




**ધ્યેય ૫:**

સ્ત્રી-પુરુષ સમાનતા સિદ્ધ કરવી અને તમામ મહિલાઓ તથા છોકરીઓનું સશક્તિકરણ કરવું.




**ધ્યેય ૬:**

તમામ લોકો માટે પાણી અને સ્વચ્છતાની પ્રાપ્યતા અને સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવાં.




**ધ્યેય ૭:**

તમામ લોકોને પોષણક્ષમ, ભરોસાપાત્ર, સાતત્યપૂર્ણ અને આધુનિક ઊર્જા (એનર્જી) મળી રહે તે સુનિશ્ચિત કરવું.




**ધ્યેય ૮:**

ટકાઉ, સમાવેશક આર્થિક વિકાસને વેગ આપવો અને તમામ લોકો માટે પૂર્ણ તથા ઉત્પાદકીય રોજગારી અને સુયોગ્ય કામગીરીને વેગ આપવો.




**ધ્યેય ૯:**

સ્થિતિ સ્થાપક માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું, સમાવેશક અને સાતત્યપૂર્ણ ઔદ્યોગિકીરણને વેગ આપવો તથા નવતર પહેલનું સંવર્ધન કરવું.





**ધ્યેય ૧૦:**

દેશની અંદરની તથા વિવિધ દેશો વચ્ચેની અસમાનતાઓ ઘટાડવી.




**ધ્યેય ૧૧:**

શહેરો તથા માનવ વસાહતોને સમાવેશક, સલામત, સ્થિતિ સ્થાપક અને સાતત્યપૂર્ણ બનાવવાં.




**ધ્યેય ૧૨:**

સાતત્યપૂર્ણ વપરાશ અને ઉત્પાદનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.




**ધ્યેય ૧૩:**

જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) અને તેની વિપરિત અસરોનો સામનો કરવા માટે તાકીદનાં પગલાં ભરવાં.




**ધ્યેય ૧૪:**

સાતત્યપૂર્ણ વિકાસ માટે મહાસાગરો, સમુદ્રો અને દરિયાઈ સંસાધનોનું રક્ષણ કરવું તથા તેમનો સાતત્યપૂર્ણ ઉપયોગ કરવો.




**ધ્યેય ૧૫:**

જૈવિક તંત્રના સાતત્યપૂર્ણ ઉપયોગને વેગ આપવો, તેનું પુનઃસ્થાપન કરવું તથા તેનું રક્ષણ કરવું, જંગલોનું સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન કરવું, રણ પ્રદેશનું વિસ્તરણ અટકાવવું અને જમીન પ્રદૂષણ અટકાવવું તથા જૈવિક વૈવિધ્યને થતું નુકસાન અટકાવવું.




**ધ્યેય ૧૬:**

સાતત્યપૂર્ણ વિકાસ માટે શાંતિપૂર્ણ અને સમાવેશક સમાજને વેગ આપવો, ન્યાય પ્રક્રિયા તમામ લોકો માટે પ્રાપ્ય બનાવવી તથા તમામ સ્તરે અસરકારક, ઉત્તરદાયી અને સમાવેશક સંસ્થાઓનું નિર્માણ કરવું.




**ધ્યેય ૧૭:**

સાતત્યપૂર્ણ વિકાસ માટે અમલીકરણના ઉપાયો મજબૂત કરવા અને વૈશ્વિક ભાગીદારીને પુનઃજીવિત કરવી.

## એસ.ડી.જી. માટેના ધ્યેયો અને લક્ષ્યાંકો

ટકાઉ વિકાસ ધ્યેયો (એસડીજી)માં કુલ ૧૭ ધ્યેયો નક્કી કરવામાં આવ્યા છે. તેમાંથી ૫ ધ્યેયો, જેમ કે ગરીબી, ભૂખમરો, શિક્ષણ, આરોગ્ય અને સ્ત્રી-પુરુષ સમાનતા અંગેના લક્ષ્યાંકો અહીં આપવામાં આવ્યા છે.

**ધ્યેય ૧ પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક: ગરીબીનાં તમામ સ્વરૂપોને સાર્વત્રિક ધોરણે નાબૂદ કરવાં:**

૧.૧ ૨૦૩૦ સુધીમાં દારૂણ ગરીબીને સાર્વત્રિક ધોરણે નાબૂદ કરવી, જેનું હાલનું ધોરણ દિવસમાં ૧.૨૫ ડોલર કરતાં ઓછી આવક ધરાવતાં લોકો છે.

૧.૨ ૨૦૩૦ સુધીમાં રાષ્ટ્રીય પરિભાષા અનુસારનાં તમામ પરિમાણો હેઠળ ગરીબાઈમાં જીવન ગુજારતાં તમામ વયધોરણનાં સ્ત્રી-પુરુષો તથા બાળકોના પ્રમાણમાં અડધો-અડધ ઘટાડો કરવો.

૧.૩ સૌ માટે યોગ્ય રાષ્ટ્રીય સંરક્ષણ વ્યવસ્થા તથા માપદંડોનો અમલ કરવો અને ૨૦૩૦ સુધીમાં ગરીબ તથા વંચિત વર્ગોને સાતત્યપૂર્ણ રીતે આવરી લેવા.

૧.૪ ૨૦૩૦ સુધીમાં તમામ સ્ત્રી-પુરુષો, ખાસ કરીને ગરીબ અને વંચિત જૂથોને આર્થિક સંસાધનોના સમાન હક્કો મળે તથા મૂળભૂત સુવિધાઓ મળી રહે, જમીન પર તથા અન્ય મિલકતો, વારસા વગેરે પર નિયંત્રણ તથા માલિકી મળી રહે, યોગ્ય નવી ટેકનોલોજી અને નાણાકીય સેવાઓનો લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવું.

૧.૫ ૨૦૩૦ સુધીમાં ગરીબ તથા વંચિત સમુદાયોનું સશક્તિકરણ કરવું તથા કુદરતી હોનારતો તથા અન્ય સામાજિક તથા આર્થિક તકલીફો સમયે તેમણે વેઠવી પડતી મુશ્કેલીઓ ઘટાડવી.

૧.અ. તમામ પ્રકારની ગરીબી દૂર કરવા માટેના કાર્યક્રમો અને નીતિઓનો અમલ કરવા માટે અલ્પ વિકસિત દેશોને પૂરતા અને અસરકારક ઉપાયો પૂરા પાડવા સહિત વિવિધ સ્રોતોમાંથી સંસાધનોની નોંધપાત્ર ગતિશીલતા સુનિશ્ચિત કરવી.

૧.બ. ગરીબી નાબૂદીની ઝૂંબેશમાં વધુને વધુ રોકાણોને ટેકો આપવા માટે ગરીબ-તરફી અને સ્ત્રી-પુરુષ સમાનતાના મુદ્દા પ્રત્યે સંવેદનશીલ હોય તેવા વ્યૂહોના આધારે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુયોગ્ય નીતિ માળખું ઘડવું.

**ધ્યેય ૨ પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક: ભૂખમરાનો અંત આણવો, ખાદ્ય સુરક્ષા તથા પોષણમાં સુધારો હાંસલ કરવો તથા ટકાઉ કૃષિને વેગ આપવો:**

૨.૧ ૨૦૩૦ સુધીમાં ભૂખમરાની સ્થિતિનો અંત આણવો અને ખાસ કરીને ગરીબ તથા વંચિત લોકોને સમગ્ર વર્ષ દરમિયાન પોષણયુક્ત તથા પૂરતો આહાર મળી રહે તે સુનિશ્ચિત કરવું.

૨.૨ ૨૦૩૦ સુધીમાં તમામ પ્રકારનાં કુપોષણને જાકારો આપવો, કિશોર વયની તરૂણીઓ, ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓ તથા વૃદ્ધ વ્યક્તિઓની પોષણની જરૂરિયાતો પર ધ્યાન આપવું.

૨.૩ ૨૦૩૦ સુધીમાં જમીનની સુરક્ષિત તથા સમાન પ્રાપ્યતા, અન્ય ઉત્પાદકીય સંસાધનો તથા જ્ઞાન, નાણાકીય સેવાઓ, બજારો, મૂલ્ય વર્ધનની તકો અને બિન-ખેતીકીય રોજગારીની તકોની પ્રાપ્યતા થકી ખાસ કરીને મહિલાઓ તથા મૂળ વતનીઓ જેવા નાના પાયે કાર્યરત ખાદ્યાન્ન ઉત્પાદકોની આવક તથા ખેતીની ઉત્પાદકતા બમણી કરવી.

૨.૪ ૨૦૩૦ સુધીમાં ટકાઉ ખાદ્યાન્ન ઉત્પાદક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી. ઉત્પાદકતા અને ઉત્પાદન વધારે, પર્યાવરણીય સંતુલનને જાળવી રાખવામાં મદદરૂપ બને, જળવાયુ પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) તથા કુદરતી હોનારતોનો સામનો કરવા માટે મજબૂત ક્ષમતા બક્ષે તથા જમીન અને માટીની ગુણવત્તા વધારે તેવી ખેતીકીય પ્રવૃત્તિઓનો અમલ કરવો

૨.૫ ૨૦૨૦ સુધીમાં રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે બહુવિધ તથા સુયોગ્ય રીતે સંચાલિત બિયારણ અને પ્લાન્ટ (વનસ્પતિ) બેન્ક ઉપરાંત, બિયારણ, સંવર્ધિત રોપાં, પશુધન તથા તેમની વન્ય પ્રજાતિઓની આનુવંશિક વિવિધતાનું જતન કરવું. જૈવિક સંસાધનો અને સંલગ્ન પરંપરાગત જ્ઞાનના ઉપયોગથી થતા લાભોની આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલી સ્વીકૃતિ મુજબ ન્યાયપૂર્ણ વહેંચણી થાય તે સુનિશ્ચિત કરવું.

૨.અ. વિકાસશીલ દેશો, ખાસ કરીને પછાત દેશોમાં ખેતીકીય ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ગ્રામીણ માળખાકીય સુવિધા, ખેતીકીય સંશોધન અને વિસ્તરણ સેવાઓ, ટેકનોલોજી ક્ષેત્રે વિકાસ અને વનસ્પતિ તથા પશુધન માટેની જિન બેન્ક ક્ષેત્રે વધુને વધુ આંતરરાષ્ટ્રીય સહકાર થકી રોકાણ વધારવું.

૨.બ. વિશ્વનાં કૃષિકીય બજારોમાં વેપારનાં નિયંત્રણો અને વિસંગતતાઓ અટકાવવાં તથા તેમાં સુધારો કરવો. આ માટે

૨૦૧૧માં દોહા ડેવલપમેન્ટ રાઉન્ડના અધિકૃત આદેશને સુસંગત રહીને તમામ પ્રકારની ખેતીકીય આયાત પરની સબસિડીને સમાન અસરથી સમાંતર રીતે દૂર કરવા સહિતનાં પગલાં ભરવાં.

૨.ક. અન્ન અને ખાદ્ય પદાર્થની વેચાણ પદ્ધતિની કામગીરી સુચારું રીતે ચાલતી રહે તે સુનિશ્ચિત કરવા માટેનાં પગલાં ભરવાં તથા ખાદ્ય પદાર્થોના ભાવોમાં આવતી ભારે અસ્થિરતાને નિયંત્રિત કરવા માટે બજારની માહિતી સમયસર મળી રહે તે માટે સુવિધા પૂરી પાડવી.

**ધ્યેય ૩ પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક: તમામ વયજૂથનાં લોકો માટે આરોગ્યપ્રદ જીવન સુનિશ્ચિત કરવું અને તેમની સુખાકારીને વેગ આપવો:**

૩.૧ ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક માતા મૃત્યુદર ઘટાડીને પ્રત્યેક ૧,૦૦,૦૦૦ શિશુજન્મદીઠ ૭૦ કરતાં ઓછો કરવો.

૩.૨ ૨૦૩૦ના અંત સુધીમાં નવજાત શિશુઓ અને પાંચ વર્ષ કરતાં ઓછી વયનાં બાળકોનાં અકુદરતી કારણોસર થતાં મોતનું પ્રમાણ અટકાવવું.

૩.૩ ૨૦૩૦ સુધીમાં એઇડ્ઝ, ટ્યુબરક્યુલોસિસ (ટી.બી.), મલેરિયા અને ઉપેક્ષિત બીમારીઓનો રોગચાળો દૂર કરવો તથા હિપેટાઇટિસ (કમળો), પાણી-જન્ય બીમારીઓ તથા અન્ય ચેપી રોગોનો સામનો કરવો.

૩.૪ ૨૦૩૦ સુધીમાં બિન ચેપી રોગો (નોન કમ્યુનિકેબલ ડિસિસીઝ)ને કારણે થતાં પ્રિમેચ્યોર (વહેલાં જન્મેલાં) શિશુઓનાં મોતનું પ્રમાણ સારવાર થકી એક-તૃત્યાંશ સુધી ઘટાડવું તથા માનસિક આરોગ્યને વેગ આપવો.

૩.૫ નશીલા પદાર્થો તથા આલ્કોહોલ (દારૂ)ના નુકસાનકાક સેવન સહિતનાં પદાર્થોનું સેવન અટકાવવું તથા તેને લગતી સારવારની ચુસ્ત વ્યવસ્થા ઊભી કરવી.

૩.૬ ૨૦૨૦ સુધીમાં માર્ગ અકસ્માતોને કારણે વિશ્વભરમાં નીપજતાં મોત તથા ઈજાઓનું પ્રમાણ ઘટાડીને અડધું કરવું

૩.૭ ૨૦૩૦ સુધીમાં કુટુંબ નિયોજન માટે, માહિતી તથા શિક્ષણ માટે લૈંગિક અને પ્રજનનક્ષમ આરોગ્ય સેવાઓ સાર્વત્રિક ધોરણે મળી રહે તે સુનિશ્ચિત કરવું તથા પ્રજનનક્ષમ આરોગ્યના મુદ્દાને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં સામેલ કરવો

૩.૮ નાણાકીય જોખમ સામે રક્ષણ, તમામ લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની પ્રાપ્યતા સલામત, અસરકારક, ગુણવત્તાયુક્ત અને વાજબી ભાવની જીવનજરૂરી દવાઓ અને વેક્સિન (રસી) મળી રહે તથા સર્વવ્યાપી આરોગ્ય સેવાઓ (યુનિવર્સલ હેલ્થ કવરેજ) હાંસલ કરવી.

૩.૯ ૨૦૩૦ સુધીમાં જોખમી રસાયણો તથા હવા, પાણી અને જમીન પ્રદૂષણ તથા દૂષિતતાને કારણે થતી બીમારીઓ તથા તેના કારણે નીપજતાં મોતનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટાડવું.

૩.અ તમામ દેશોમાં યોગ્ય જણાય તે પ્રમાણે તમાકુ નિયંત્રણ અંગેના આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્રનું અમલીકરણ સુદ્રઢ કરવું.

૩.બ મુખ્યત્વે વિકાસશીલ દેશોને પ્રભાવિત કરતા ચેપી તથા બિન-ચેપી રોગો માટેની રસીઓ અને દવાઓના સંશોધન અને વિકાસમાં સહાય પૂરી પાડવી, જાહેર આરોગ્યના રક્ષણ માટે સ્થિતિસ્થાપકતા અંગેના ટીઆરઆઇપીએસ (ટ્રેડ રિલેટેડ આસ્પેક્ટ્સ ઓફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ કરારની જોગવાઇઓનો ઉપયોગ કરવાના વિકાસશીલ દેશોના અધિકારોને મજબૂત કરતા દોહા ડેક્લરેશન અનુસાર જીવનજરૂરી દવાઓ તથા રસીઓ વાજબી ભાવે પ્રાપ્ય બનાવવી, તથા તમામ લોકો માટે દવાઓ પ્રાપ્ય બનાવવી.

૩.ક વિકાસશીલ દેશોમાં, ખાસ કરીને અલ્પ વિકસિત દેશોમાં (એલડીસી) અને નાના ટાપુઓ પરના અલ્પ વિકસિત દેશોમાં (એસઆઇડીએસ) આરોગ્ય ક્ષેત્રે નાણાકીય જોગવાઈ તથા આરોગ્ય ક્ષેત્રે કાર્યકરોની ભરતી, વિકાસ અને તાલીમમાં વધારો કરવો.

૩.ડ તમામ દેશો, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં અગાઉથી ચેતવણી અને જોખમ ઘટાડવાની ક્ષમતા વધુ મજબૂત બનાવવી, રાષ્ટ્રીય તથા વૈશ્વિક આરોગ્ય સામેનાં જોખમોનું વ્યવસ્થાપન કરવું

**ધ્યેય ૪ પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક: તમામ લોકો માટે સમાવેશક, ન્યાયપૂર્ણ તથા ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું:**

૪.૧ ૨૦૩૦ સુધીમાં તમામ છોકરીઓ તથા છોકરાઓ વિના મૂલ્યે ન્યાયપૂર્ણ અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવે તે સુનિશ્ચિત કરવું.

૪.૨ ૨૦૩૦ સુધીમાં તમામ છોકરા-છોકરીઓને બાળપણનાં પ્રારંભિક વર્ષોમાં ગુણવત્તાયુક્ત કાળજી અને પ્રિ-પ્રાઇમરી (પ્રાથમિક પહેલાંનું) શિક્ષણ મળી રહે (જેથી તેઓ પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે સજ્જ થઈ જાય) તે સુનિશ્ચિત કરવું.

૪.૩ ૨૦૩૦ સુધીમાં તમામ મહિલાઓ તથા પુરુષોને પોષણક્ષમ તથા ગુણવત્તાયુક્ત તકનીકી તથા વ્યવસાયિક શિક્ષણ મળી રહે તે સુનિશ્ચિત કરવું.

૪.૪ ૨૦૩૦ સુધીમાં રોજગારી, સુયોગ્ય નોકરીઓ તથા ઉદ્યોગ સાહસિકતા માટેનાં તકનીકી અને વ્યવસાયિક કૌશલ્યો ધરાવતા યુવાનોની સંખ્યા વધારવી.

૪.૫ ૨૦૩૦ સુધીમાં શિક્ષણ ક્ષેત્રે સ્ત્રી-પુરુષ (છોકરા અને બાળકીઓ) અસમાનતાઓ દૂર કરવી તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, સ્થાનિક વતનીઓ અને વંચિત સ્થિતિમાં જીવન ગુજારી રહેલાં બાળકો સહિતનાં વંચિત જૂથોને તમામ પ્રકારનું શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ સમાન ધોરણે મળી રહે તે સુનિશ્ચિત કરવું

૪.૬ ૨૦૩૦ સુધીમાં તમામ યુવાનો અને ટકાવારીમાં સ્ત્રી-પુરુષો સાક્ષર થાય તે સુનિશ્ચિત કરવું.

૪.૭ શિક્ષણ મેળવી રહેલાં તમામ લોકો ૨૦૩૦ સુધીમાં ટકાઉ વિકાસને વેગવંતો બનાવવા માટે સાતત્યપૂર્ણ વિકાસ અને સાતત્યપૂર્ણ જીવનશૈલી, માનવ હક્કો, સ્ત્રી-પુરુષ સમાનતા, શાંતિ અને અહિંસાની સંસ્કૃતિને વેગ આપીને, વૈશ્વિક નાગરિકતા, સાંસ્કૃતિક ભિન્નતાનો આદર કરીને તથા સાતત્યપૂર્ણ વિકાસમાં સંસ્કૃતિઓના પ્રદાનનો આદર કરીને જરૂરી જ્ઞાન તથા કૌશલ્યો પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવું.

૪.અ. બાળકો, વિકલાંગતા અને સ્ત્રી-પુરુષ સમાનતા અંગેના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ હોય અને તમામ લોકોને સલામત, અહિંસક, સમાવેશક અને અસરકારક શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડે તેવી શૈક્ષણિક સુવિધા ઊભી કરવી.

૪.બ. ૨૦૨૦ સુધીમાં વિકાસશીલ, ખાસ કરીને અલ્પ વિકસિત દેશો (એલડીસી), નાના ટાપુઓ પરના અલ્પ વિકસિત દેશો (એસઆઇડીસી) અને આફ્રિકન દેશો માટે વિકસિત દેશોમાં તથા અન્ય વિકાસશીલ દેશોમાં વ્યવસાયિક તાલીમ, માહિતી અને સંચાર તકનીક (આઇસીટી), તકનીકી, એન્જિનિયરિંગ અને વિજ્ઞાનના ક્ષેત્ર સહિતના ઉચ્ચ શિક્ષણમાં દાખલ થવા માટે શિષ્યવૃત્તિની સંખ્યામાં વૈશ્વિક સ્તરે ટકાવારીમાં વધારો કરવો.

૪.ક ૨૦૩૦ સુધીમાં વિકાસશીલ દેશો, ખાસ કરીને એલડીસી અને એસઆઇડીએસમાં શિક્ષકોની તાલીમ માટે આંતરરાષ્ટ્રીય સહકાર સહિતનાં પગલાંઓ ભરીને પાત્રતા ધરાવતા શિક્ષકોની સંખ્યાની ટકાવારીમાં વધારો કરવો.

**ધ્યેય ૫ પ્રાપ્ત કરવાના લક્ષ્યાંક: જાતિગત સમાનતા હાંસલ કરવી તથા તમામ મહિલાઓ અને છોકરીઓનું સશક્તિકરણ કરવું:**

૫.૧ મહિલાઓ તથા છોકરીઓ સાથે આચરવામાં આવતા તમામ પ્રકારના ભેદભાવો નાબૂદ કરવા.

૫.૨ લોહીનો વેપાર તથા અન્ય પ્રકારના શોષણ સહિત મહિલાઓ-છોકરીઓ સાથે આચરવામાં આવતી તમામ પ્રકારની હિંસા નાબૂદ કરવી.

૫.૩ બાળલગ્ન, બળજબરીપૂર્વક લગ્ન અને સ્ત્રીની જનનેન્દ્રિયનું છેદન કરવા જેવી તમામ જોખમી પ્રવૃત્તિઓ નાબૂદ કરવી.

૫.૪ મૂલ્ય ચૂકવવામાં ન આવતું હોય તેવા ઘરેલૂ કાર્યો તથા કાળજી પર જાહેર સેવાઓ, માળખાકીય સુવિધા અને સામાજિક સંરક્ષણ નીતિઓની જોગવાઇઓ થકી ધ્યાન આપવું તથા તેનું મૂલ્યાંકન કરવું. રાષ્ટ્રને અનુકૂળ વ્યવસ્થામાં ઘરમાં તથા પરિવારમાં જવાબદારીની વહેંચણીને વેગ આપવો.

૫.૫ રાજકીય, આર્થિક અને જાહેર જીવન ક્ષેત્રે નિર્ણય લેવાના દરેક તબક્કે મહિલાઓની પૂર્ણ અને અસરકારક સહભાગિતા હોય તથા તેમને પૂરતી તકો મળી રહે તે સુનિશ્ચિત કરવું.

૫.૬ બીજિંગ પ્લેટફોર્મ ફોર એક્શન, ૧૯૯૫ અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ, (આઇસીપીડી) ૧૯૯૪ના પ્રોગ્રામ ઓફ એક્શન તથા તેની સમીક્ષા પરિષદના પરિણામરૂપી દસ્તાવેજો અનુસાર જાતીય તથા પ્રજનનક્ષમ આરોગ્ય તેમ જ તેને લગતા હક્કો સાર્વત્રિક ધોરણે પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવું.

૫.અ. મહિલાઓને આર્થિક સંસાધનોના સમાન હક્કો આપવા માટે તથા જમીન તથા અન્ય મિલકતો પર તેમને નિયંત્રણ અને માલિકી મળી રહે, રાષ્ટ્રીય કાનૂન અનુસાર નાણાકીય સેવાઓ, વારસો અને કુદરતી સંસાધનો તેમને પ્રાપ્ત થાય તે માટે સુધારણા હાથ ધરવી.

૫.બ. મહિલાઓના સશક્તિકરણને વેગ આપવા માટે મદદરૂપ થાય તેવી તકનીકો, ખાસ કરીને માહિતી અને સંચાર તકનીક (આઇસીટી)નો વપરાશ વધારવો.

૫.ક. સ્ત્રી-પુરુષ સમાનતાને વેગ આપવા માટે તથા મહિલાઓ અને છોકરીઓને તમામ સ્તરે સશક્ત કરવા માટે યોગ્ય નીતિઓ અપનાવવી તથા નીતિઓ મજબૂત કરવી.

૨૦૩૦ સુધીમાં સિદ્ધ કરવાના સૂચિત ટકાઉ વિકાસ ધ્યેયો
(સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ – એસ.ડી.જી.)

## વિકલાંગતાના મુદ્દાને નીચે આપેલ ધ્યેયોમાં સમાવેશ

**4**

શિક્ષણ ક્ષેત્રે સ્ત્રી-પુરુષ અસમાનતાઓ દૂર કરવી તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, સ્થાનિક વતનીઓ અને વંચિત સ્થિતિમાં જીવન ગુજારી રહેલાં બાળકો સહિતનાં વંચિત જૂથોને તમામ પ્રકારનું શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ સમાન ધોરણે મળી રહે તે સુનિશ્ચિત કરવું.

**લક્ષ્યાંક ૪.૫**

**8**

યુવાનો તથા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સહિત તમામ સ્ત્રી-પુરુષો માટે સમાન મૂલ્યના કામ બદલ સમાન વળતર સાથે પૂર્ણ તથા ઉત્પાદક રોજગારી સિદ્ધ કરવી.

**લક્ષ્યાંક ૮.૫**

**10**

ઉંમર, જાતિ, જ્ઞાતિ, વિકલાંગતા, વંશ, મૂળ, ધર્મ અને આર્થિક કે અન્ય ભેદભાવોને જાકારો આપીને તમામ લોકોનું સશક્તિકરણ કરવું તથા સામાજિક, આર્થિક અને રાજકીય સમાવેશકતાને ઉત્તેજન આપવું.

**લક્ષ્યાંક ૧૦.૨**

**11**

તમામ લોકોને સલામત, પોષણક્ષમ અને સાતત્યપૂર્ણ પરિવહન વ્યવસ્થા પૂરી પાડવી, જાહેર પરિવહનનું મોટાપાયે વિસ્તરણ કરીને માર્ગ સલામતી વધારવી તથા આ દરમિયાન મહિલાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તથા વયોવૃદ્ધ લોકો સહિતના વંચિત લોકોની જરૂરિયાતો પર ખાસ ધ્યાન આપવું.

**લક્ષ્યાંક ૧૧.૨**

**17**

આવક, જાતિ, વય, વંશ, સ્થળાંતર કર્યાની વિગતો, વિકલાંગતા, ભૌગોલિક સ્થાન તથા રાષ્ટ્રીય સંદર્ભમાં સુસંગત હોય તેવી અન્ય લાક્ષણિકતાઓના આધારે વર્ગીકૃત કરવામાં આવેલા ઉચ્ચ-ગુણવત્તાયુક્ત, ભરોસાપાત્ર ડેટા (વિગતો)ની સમયસર પ્રાપ્યતા .

**લક્ષ્યાંક ૧૭.૧૮**

**બધા જ ધ્યેયો વિશ્વવ્યાપી**

કરવા બાબતે આપણે કામગીરી કરીશું. છોકરાઓ તથા પુરુષોને સાંકળીને મહિલાઓ તથા છોકરીઓ વિરુદ્ધની હિંસા અને તેમની સાથેના ભેદભાવોને નાબૂદ કરવામાં આવશે. કાર્યસૂચિના અમલીકરણમાં સ્ત્રી-પુરુષ સમાનતાના દ્રષ્ટિકોણને પદ્ધતિસર મુખ્યપ્રવાહમાં સામેલ કરવો જરૂરી છે.

નવાં ધ્યેયો અને લક્ષ્યાંકો પહેલી જાન્યુઆરી, ૨૦૧૬થી અમલી બનશે અને આગામી ૧૫ વર્ષમાં આપણે જે નિર્ણયો લઈશું, તે માટે આ ધ્યેયો માર્ગદર્શન પૂરું પાડશે. આપણે સૌ આપણા દેશોમાં અને પ્રાદેશિક તથા વૈશ્વિક સ્તરે વિવિધ રાષ્ટ્રીય વાસ્તવિકતાઓ, ક્ષમતાઓ અને વિકાસનાં સ્તરોને ધ્યાનમાં રાખીને તથા જે-તે દેશની નીતિઓ અને પ્રાથમિકતાઓ પ્રત્યે આદર રાખીને કાર્યસૂચિનું અમલીકરણ કરવા માટેની કામગીરી કરીશું. સંબંધિત આંતરરાષ્ટ્રીય નિયમો અને કટિબદ્ધતાઓ સાથે સુસંગત રહેવાની સાથે-સાથે આપણે ખાસ કરીને વિકાસશીલ દેશો માટે સાતત્યપૂર્ણ અને સમાવેશક આર્થિક વિકાસ સાધવા માટેની રાષ્ટ્રીય નીતિનો આદર કરીશું. આ ઉપરાંત, આપણે ટકાઉ વિકાસમાં આંતર જોડાણ, પ્રાદેશિક અને પેટા-પ્રાદેશિક પરિમાણો અને પ્રાદેશિક આર્થિક એકત્રીકરણના મહત્ત્વને પણ સ્વીકારીશું. પ્રાદેશિક અને પેટા પ્રાદેશિક માળખાંઓ ટકાઉ વિકાસની નીતિઓને રાષ્ટ્રીય કક્ષાએ નક્કર કામગીરીમાં અસરકારક રીતે પરિવર્તિત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

નવાં લક્ષ્યો એ હકીકત સ્પષ્ટ કરે છે કે દરેક દેશ ટકાઉ વિકાસના ક્ષેત્રમાં નિશ્ચિત પડકારોનો સામનો કરે છે. સૌથી વધુ વંચિતતાનો સામનો કરી રહેલા તથા ખાસ કરીને આફ્રિકન દેશો, અલ્પ વિકસિત દેશો, ચારેય બાજુ જમીનની સરહદ ધરાવતા વિકાસશીલ દેશો, વિકાસશીલ (નાનાં કદના) ટાપુ-દેશો, સંઘર્ષની સ્થિતિનો સામનો કરી રહેલા અને કરી ચૂક્યા હોય તેવા દેશો પર ખાસ ધ્યાન આપવું જરૂરી બની રહે છે. આ ઉપરાંત, મધ્યમ આવક ધરાવતા દેશો પણ ગંભીર પડકારોનો સામનો કરી રહ્યા છે.

વંચિત લોકોનું સશક્તિકરણ થવું જોઈએ એ આધાર પર આ કાર્યસૂચિ તૈયાર કરવામાં આવી છે. કાર્યસૂચિમાં બાળકો, યુવાનો, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ (જે પૈકીનાં ૮૦ ટકા કરતાં વધુ લોકો ગરીબીમાં જીવન વીતાવે છે), એચઆઇવી કે એઇડ્ઝનો ભોગ બનેલાં લોકો, વૃદ્ધ વ્યક્તિઓ, મૂળ રહેવાસીઓ, આશ્રિતો, આંતરિક વિસ્થાપિતો અને સ્થળાંતરિતોની જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવામાં આવી છે. આપણે આતંકવાદથી ગ્રસ્ત હોય તેવા વિસ્તારો અને જટિલ માનવીય કટોકટીનો ભોગ બનેલા વિસ્તારોમાં વસતાં લોકોની ખાસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે, અવરોધો દૂર કરવા માટે અને તેમને મજબૂત સહાય પૂરી પાડવા માટે, આંતરરાષ્ટ્રીય કાયદાને અનુસરીને વધુ અસરકારક પગલાં હાથ ધરવા માટે કટિબદ્ધ છીએ.

વ્યાપકપણે, એસડીજી ૨૦૩૦ સુધીમાં દારૂણ ગરીબીની સ્થિતિને નાબૂદ કરવા સહિત તમામ સ્વરૂપો અને પરિમાણોમાં ગરીબીનો અંત આણવા માટે કટિબદ્ધ છે. તમામ લોકોને સામાજિક રક્ષણની વ્યવસ્થા સહિત મૂળભૂત માપદંડો સાથેનું જીવન મળવું જોઈએ. આ ઉપરાંત અમે ભૂખમરાનો અંત આણવા અને પ્રાથમિકતાના ધોરણે ખાદ્યાન્ન સલામતી સિદ્ધ કરવા અને તમામ પ્રકારનાં કુપોષણ દૂર કરવા માટે કટિબદ્ધ છીએ. આ સંદર્ભમાં અમે કમિટી ઓન વર્લ્ડ ફૂડ સિક્યોરિટીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અને સમાવેશક સ્વરૂપની પુષ્ટિ કરીએ છીએ તથા રોમ ડિક્લેરેશન ઓન ન્યૂટ્રિશન એન્ડ ફ્રેમવર્કને આવકારીએ છીએ. આપણે વિકાસશીલ દેશોમાં, ખાસ કરીને અલ્પ વિકસિત દેશોમાં નાના ખેડૂતો, ખાસ કરીને મહિલા ખેડૂતો, માછીમારો તથા પશુપાલકોને મદદ કરીને વિકાસશીલ ગ્રામીણ વિસ્તારોને સંસાધનોની સહાય પૂરી પાડીશું.

## સહસ્ત્રાબ્દી વિકાસ ધ્યેયો ૨૦૦૦-૨૦૧૫ (મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ) - ભારતે સાધેલી પ્રગતિ

- અર્ચના મિશ્રા દ્વારા સંકલિત

(સ્રોતઃ ૨૫ જુલાઈ, ૨૦૧૫, તહેલકા મેગેઝિન, વોલ્યુમ ૧૨, અંક ૩૦)

સહસ્રાબ્દી વિકાસ ધ્યેયો (મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ) એ વર્ષ ૨૦૦૦માં યુનાઇટેડ નેશન્સના ૧૮૯ સભ્ય દેશો દ્વારા અપનાવવામાં આવેલાં આઠ આંતરરાષ્ટ્રીય ધ્યેયો છે. દર વર્ષે જારી કરવામાં આવતા અહેવાલને આ ક્ષેત્રે થયેલી પ્રગતિની સમાવેશક વૈશ્વિક આકારણી ગણવામાં આવે છે. યુએન વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનોની મદદથી આ અહેવાલનું સંકલન કરે છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા યુએનના અહેવાલ ૨૦૧૫ અનુસાર, ભારત અને ચીને ગરીબી ઘટાડવા ક્ષેત્રે ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. તેથી, છ ક્ષેત્રોમાં ભારતે સાધેલી પ્રગતિની સંક્ષિપ્ત વિગતો આ પ્રમાણે છેઃ

### ચાવીરૂપ અવલોકનો

- ભારત ભૂખમરાની સ્થિતિ તથા કુપોષણના પ્રમાણને ઘટાડવાનો અપેક્ષિત લક્ષાંક ૨૦૧૫ બાદ સિદ્ધ કરી શકે છે.
- પાંચ વર્ષની વયનાં હોય અને વજન ઓછું હોય તેવાં બાળકોનું

પ્રમાણ ૧૯૯૦ અને ૨૦૧૫ દરમિયાન ઘટીને અડધું થઈ ગયું છે. હજી પણ ભારતમાં ૪૦ ટકા કરતાં વધુ બાળકો વય અનુસાર જરૂરી હોય તે કરતાં ઓછું વજન ધરાવે છે.

- ભારતે એચઆઇવી, એઇડ્ઝ અને ટીબી જેવી બીમારીઓનું પ્રમાણ ઘટાડવામાં સફળતા મેળવી છે.
- ૨૦૧૫ સુધીમાં સાર્વત્રિક યુવા સાક્ષરતા અને પ્રાથમિક શાળામાં પ્રવેશ અને આ કાર્ય સંપન્ન કરવા ક્ષેત્રે ભારતની પ્રગતિ ધીમી રહી છે.
- શિશુ અને માતા મૃત્યુ દરમાં ઘટાડો, માતાના આરોગ્યમાં સુધારો તથા સ્વચ્છતાની સુવિધાઓની પ્રાપ્યતામાં સુધારો - આ ક્ષેત્રે ભારતની પ્રગતિ ધીમી રહી છે.
- માતા મૃત્યુ દર અટકાવવા માટે વહેલા જન્મ (પ્રિટર્મ બર્થ)ની કટોકટી દૂર કરવા, પ્રસવ તથા પ્રસૂતિ દરમિયાન સર્જાતી સમસ્યાઓ અને સડો દૂર કરવા માટેની ચાવીરૂપ દરમિયાનગીરીઓનો હજી પણ અભાવ વર્તાય છે.

**ધ્યેય ૧: દારૂણ ગરીબી અને ભૂખમરો દૂર કરવો**

| ગરીબીની રેખા હેઠળનાં લોકોને દૈનિક ૧.૨૫ ડોલર અથવા તો ૭૫ રૂ. એ રીતે સ્પષ્ટીકૃત કરવામાં આવ્યાં છે. (ટકાવારી) | |
|---|---|
| ૧૯૯૪ | ૪૯.૪ |
| ૨૦૧૧ | ૨૪.૭ |

| જરૂરિયાત કરતાં ઓછું વજન ધરાવતાં બાળકો (પાંચ વર્ષ કરતાં નાની વયનાં બાળકોની ટકાવારી) | |
|---|---|
| ૧૯૯૨ | ૫૨.૮ |
| ૨૦૦૬ | ૪૩.૫ |

**ધ્યેય ૨: સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું ધ્યેય હાંસલ કરવું**

| પ્રાથમિક શાળા પ્રવેશ દર (ટકાવારીમાં) | |
|---|---|
| ૨૦૦૦ | ૮૧.૨ |
| ૨૦૧૧ | ૯૩.૩ |
| પ્રાથમિક શિક્ષણ સંપન્ન થયાનો દર (ટકાવારીમાં) | |
| ૧૯૯૯ | ૭૦.૦ |
| ૨૦૧૧ | ૯૬.૫ |

**ધ્યેય ૩: શિશુ મૃત્યુ દર ઘટાડવો**

| પાંચ વર્ષથી નાનાં બાળકોમાં મૃત્યુ દર (પ્રત્યેક ૧૦૦૦ જીવિત જન્મતાં શિશુદીઠ) | |
|---|---|
| ૧૯૯૦ | ૧૨૫.૬ |
| ૨૦૧૨ | ૫૬.૩ |

| શિશુ મૃત્યુ દર (પ્રત્યેક ૧૦૦૦ જીવિત જન્મતાં શિશુદીઠ) | |
|---|---|
| ૧૯૯૦ | ૮૮.૨ |
| ૨૦૧૨ | ૪૩.૮ |

**ધ્યેય ૪: માતાનું આરોગ્ય સુધારવું**

| માતા મૃત્યુ દર (પ્રત્યેક ૧,૦૦,૦૦૦ જીવતાં જન્મતાં શિશુદીઠ) | |
|---|---|
| ૧૯૯૦ | ૫૬૦ |
| ૨૦૧૩ | ૧૯૦ |

| કૌશલ્ય ધરાવતી દાઇની હાજરીમાં જન્મતાં શિશુ (ટકાવારી) | |
|---|---|
| ૧૯૯૩ | ૩૪.૩ |
| ૨૦૦૮ | ૫૨.૩ |

**ધ્યેય ૫: એચઆઇવી, એઇડ્ઝ, મલેરિયા તથા અન્ય બીમારીઓનો સામનો**

| એચઆઇવી પ્રચલન (૧૫-૪૯ વર્ષની વયનાં લોકોમાં ટકાવારી) | |
|---|---|
| ૧૯૯૦ | ૦.૧ |
| ૨૦૧૩ | ૦.૩ |

| ટીબીના કેસનું પ્રમાણ (પ્રત્યેક ૧,૦૦,૦૦૦ દીઠ) | |
|---|---|
| ૧૯૯૦ | ૨૧૬ |
| ૨૦૧૨ | ૧૭૬ |

| ટીબી પ્રચલન દર (પ્રત્યેક ૧,૦૦,૦૦૦ દીઠ) | |
|---|---|
| ૧૯૯૦ | ૪૬૫ |
| ૨૦૧૨ | ૨૩૦ |

**ધ્યેય ૬: પર્યાવરણની સાતત્યપૂર્ણતા સુનિશ્ચિત કરવી**

| જંગલને આવરી લેતો વિસ્તાર (ટકાવારીમાં) | |
|---|---|
| ૧૯૯૦ | ૨૧.૫ |
| ૨૦૧૦ | ૨૩.૦ |

| સંરક્ષિત વિસ્તાર (પ્રાદેશિક વિસ્તારની ટકાવારી) | |
|---|---|
| ૧૯૯૦ | ૪.૫ |
| ૨૦૧૨ | ૫.૦ |

| પીવાનું સલામત પાણી (વસતિ ટકાવારીમાં) | |
|---|---|
| ૧૯૯૦ | ૭૦ |
| ૨૦૧૨ | ૯૩ |

| મૂળભૂત સ્વચ્છતા (વસતિ ટકાવારીમાં) | |
|---|---|
| ૧૯૯૦ | ૧૮ |
| ૨૦૧૦ | ૩૬ |

■

# વિકલાંગતાના મોડલ તથા વિકલાંગતા તરફનો અભિગમ

- દીપા સોનપાલ, પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, ઉન્નતિ

ઘણા લાંબા સમયગાળાથી વિકલાંગતાને વિશિષ્ટ ક્ષેત્ર તરીકે જોવામાં આવે છે અને તેથી, મુખ્ય પ્રવાહની વિકાસની ચર્ચાઓમાંથી તેને બાકાત રાખવામાં આવે છે. 1947માં આઝાદી મળ્યા બાદ, વિકલાંગતાના મુદ્દા પર ધ્યાન આપવા માટે તબીબી/દાનનાં મોડલનો વિકાસ થયો. આ મોડલની આજદિન સુધી ભારતીય સમાજ પર ઘેરી છાપ છે. તેમાં સેવા પૂરી પાડવા પર અને પુનઃસ્થાપન પર ભાર મૂકવામાં આવ્યો છે, અને 'બીમારીની સ્થિતિ' કે 'સમસ્યા'નો ઉપચાર કરવા માટે સારવાર, ઉપચાર અને પુનઃસ્થાપનના સ્વરૂપમાં દાક્તરી દરમિયાનગીરી (સારવાર)નું મહત્ત્વ આંકવામાં આવ્યું છે. ખામી ધરાવનારી વ્યક્તિઓને 'અસામાન્ય' તરીકે, 'દર્દી' તરીકે જોવામાં આવે છે, વિશિષ્ટ દાક્તરી મદદની તથા કાળજીની જરૂરિયાત ધરાવનારી 'વસ્તુ' તરીકે જોવામાં આવે છે. એટલું જ નહીં, તેમને સામાન્ય 'જીવન' તરફ પાછાં વાળવા માટે ડોક્ટરોની મદદથી તેમને સામાન્ય જનજીવનથી દૂર, 'વિશિષ્ટ સંસ્થાઓ' કે 'એસાયલમ' (આશ્રય સ્થાન)માં રાખવામાં આવે છે.

સામાજિક મોડલ અંગેનું તાજેતરનું વિવરણ વિકલાંગતાને સામાજિક બંધારણ અને માનવ હક્કનો પ્રશ્ન ગણાવે છે. તે સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય અને પર્યાવરણીય પરિબળોની પરસ્પર થતી અસર છે, જે વિકલાંગતા માટે અવરોધરૂપ બને છે. તેથી, વિકલાંગતા ફક્ત રોગવિજ્ઞાન કે આરોગ્યની સ્થિતિને લગતી બાબત ન રહેતાં, 'ભેદભાવ' અને 'ઉપેક્ષા' અથવા 'અલગાવ'ને લગતી બાબત પણ બની રહે છે. આ મોડલ પુનઃસ્થાપનની દરમિયાનગીરીની જરૂરિયાતને નકારતું નથી - વિકલાંગતા ઘટાડવા માટેના પ્રયત્નો, કાળજી, ઉપચાર, સહાય અને ઉપકરણો, મૂળભૂત સામાજિક સેવાઓ (શિક્ષણ, રોજગારી, પરિવહન)ની પ્રાપ્યતા તેમ જ અવરોધરહિત વાતાવરણને નકારતું નથી, બલકે આ બાબતોને તમામ માનવીઓનો મૂળભૂત અધિકાર ગણે છે. હાલમાં, વિકલાંગતા વિશેની સમજ મેળવવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન)નું સમર્થન ધરાવતા ઇન્ટરનેશનલ ક્લાસિફિકેશન ઓફ ઇમ્પેરમેન્ટ્સ તથા ડિસેબિલિટી એન્ડ હેન્ડિકેપ્સ (ક્ષતિઓ અને વિકલાંગતાનું આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ) ઇન્ટરનેશનલ ક્લાસિફિકેશન ઓફ ફંક્શનિંગ, ડિસેબિલિટી એન્ડ હેલ્થ (કામ કરવાની મર્યાદા, વિકલાંગતા અને આરોગ્યનું આંતર્રાષ્ટ્રીય વર્ગીકરણ (આઇસીએફ-ડબલ્યુએચઓ, 2001), આઇસીઆઇડીએચ-1 અને આઇસીઆઇડીએચ-2નો આધાર લેવામાં આવે છે. આ વ્યાખ્યા મેડિકલ અને સામાજિક મોડલને સુગ્રથિત કરવાની છે તેમ જ કેટલીક વખત તે વિકલાંગતાનું બાયો-સાઇકો-સોશ્યલ (જૈવ-માનસિક-સામાજિક) મોડલ કહેવાય છે (વિશ્વ બેન્ક, 2007). આ મોડલ આરોગ્યની એવી સ્થિતિ સાથે શરૂ થાય છે, જેમાં અસમર્થતામાં વધારો થાય છે અને તેના પગલે પ્રવૃત્તિ કરવાની ક્ષમતા મર્યાદિત થઈ જાય છે. તેના પરિણામે ભાગ લેવાની ક્ષમતા પર વિપરિત અસર પડે છે. સામાન્ય રીતે વિકલાંગતા અંગેના સંશોધનમાં ઉપયોગમાં લેવાય છે, તે પ્રમાણે વિકલાંગતાને ત્રણ પ્રકારોમાં વિભાજિત કરી શકાયઃ (1) દૃષ્ટિની ખામી, સાંભળવાની ખામી, બોલવાની ખામી, માનસિક ક્ષતિગ્રસ્તતા, ધ્યાન કેન્દ્રીત ન થવાની મર્યાદા, (2) કામ કરવાની (કાર્યાત્મક) મર્યાદા, એટલે ખામીને ધ્યાન પર ન લેતાં, શરીરની વ્યક્તિગત પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી થતી હોય, જેમ કે જોવામાં, ચાલવામાં, બોલવામાં, ઊંચકવામાં મુશ્કેલી અનુભવવી, અને(3) પ્રવૃત્તિની મર્યાદા એટલે સ્નાન કરવું, તૈયાર થવું વગેરે જેવી રોજબરોજની પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી થવી તથા કામ માટે બહાર જવું, શાળાએ જવું, રમવું, ખરીદી કરવા જવું વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી થવી. પહેલા બે પ્રકાર - ખામી અને કામ કરવાની મર્યાદા - એ મેડિકલ મોડલ સાથે સુસંગત છે અને પ્રવૃત્તિની મર્યાદા સામાજિક મોડલ સાથે સંબંધિત છે.

ધ ઇન્ટરનેશનલ ક્લાસિફિકેશન ઓફ ફંક્શનિંગ, ડિસેબિલિટી એન્ડ હેલ્થ (કામ કરવાની મર્યાદા, વિકલાંગતા અને આરોગ્યનું આંતર્રાષ્ટ્રીય વર્ગીકરણ (આઇસીએફ), વિકલાંગતા અંગેનો આંતરરાષ્ટ્રીય અહેવાલ 2011 (વર્લ્ડ રિપોર્ટ ઓફ ડિસેબિલિટી) દ્વારા અપનાવવામાં આવેલું માળખું વ્યક્તિગત અને પર્યાવરણીય (જૈવ-મનો-સામાજિક મોડલ) સહિતનાં સંદર્ભિત પરિબળો અને આરોગ્યની પરિસ્થિતિ વચ્ચેની પારસ્પરિક ક્રિયાના મહત્ત્વ પર ભાર મૂકીને તબીબી અને સામાજિક મોડલને સાંકળે છે. વિકલાંગતા એ ખામીઓ, પ્રવૃત્તિ કરવાની મર્યાદા અને સહભાગિતાની મર્યાદા માટે પ્રયોજાતો શબ્દ છે, જે વ્યક્તિ અને તે વ્યક્તિનાં સંદર્ભિત પરિબળો (પર્યાવરણીય અને વ્યક્તિગત) વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાનાં નકારાત્મક પાસાં દર્શાવે છે.

વિકલાંગતાની વ્યાખ્યા અને વિકલાંગતા તરફના અભિગમમાં આવેલા પરિવર્તનને કારણે વિકાસની દરમિયાનગીરીઓમાં પણ પરિવર્તન આવ્યું છે. પરિણામે, અગાઉ તબીબી અને કલ્યાણકારી કામગીરી પર ભાર મૂકવામાં આવતો હતો, તેને સ્થાને હવે સમાવેશક વિકાસના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાની કામગીરીને કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. ■

# ગુજરાત રાજ્યના સરકારી વિભાગોમાં વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં જોડવી - કેટલાંક સૂચનો

આ લેખમાં આપવામાં આવેલાં સૂચનો **દીપા સોનપાલ**, પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, ઉન્નતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યાં છે. આ સૂચનો ગુજરાત સરકારના 'સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ'ને વર્ષ 2011માં આપવામાં આવ્યાં હતાં. ગુજરાત સરકારના અલગ-અલગ વિભાગોની યોજનાઓમાં વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ અને સામાજિક વિકાસની પ્રક્રિયામાં તેમને કેવી રીતે મુખ્ય ધારામાં લાવી શકાય તે અંગેના વિચાર અને સૂચનો પણ રજૂ કરવામાં આવ્યાં છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા અને વિશ્વ બેંક દ્વારા વર્ષ 2011માં પ્રકાશિત વિકલાંગતા અંગેના વૈશ્વિક અહેવાલ પ્રમાણે વિશ્વમાં વિકલાંગતાનું પ્રમાણ વધી રહ્યું છે. અહેવાલમાં દર્શાવેલા અંદાજ પ્રમાણે વિશ્વમાં 100 કરોડ લોકો એટલે કે 15 ટકા લોકો વિકલાંગતાથી ગ્રસિત છે. પુરાવાઓ એવું પણ દર્શાવે છે કે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ બિન-વિકલાંગ વ્યક્તિઓની સરખામણીમાં વધુ વંચિત અને ગરીબ હોય છે. ગરીબીને કારણે વિકલાંગતામાં અને વિકલાંગતાને કારણે ગરીબીમાં વધારો થાય છે એટલે વિકલાંગતાના મુદ્દાને સામાજિક વિકાસની પ્રક્રિયામાં સામેલ કરવો અનિવાર્ય છે. સામાજિક પ્રક્રિયાની દરમ્યાનગીરીમાં વિકલાંગ વ્યક્તિઓનું જીવન સ્તર ઊંચું જાય તેવો ઉદ્દેશ હોવો જોઈએ.

ભારતમાં અગાઉ ચાર કાયદા થયા હતા, પણ 'વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-1995' તદ્દન નવી જ ભૂમિકા પર ઘડાયો. તેમાં અનેક પ્રકારની વિકલાંગતાને સ્વીકારવામાં આવી અને તેમાં વિકલાંગ વ્યક્તિઓનાં શિક્ષણ, રોજગારી, અવરોધમુક્ત પર્યાવરણનું સર્જન અને સામાજિક સલામતી માટે જોગવાઈઓ કરવામાં આવી. સામાજિક વલણો ઉપર ધ્યાન રાખીને આ કાયદો સશક્તિકરણના દર્શન ઉપર આધાર રાખે છે તેમ છતાં હજુ પણ તે શારીરિક અને બોધાત્મક ક્ષતિઓની તબીબી વ્યાખ્યાઓ ઉપર આધારિત છે. આ કાયદો ભેદભાવના વિરોધ અને માનવ અધિકારોના મજબૂત અભિગમ સાથે ઘડાયો નથી.

આમ, ભારતમાં વિકલાંગોના અધિકારોના આંદોલનની ચર્ચા એવા સામાજિક મોડલ પર આગળ વધી છે કે જેમાં વિકલાંગતા ઊભી કરવામાં સામાજિક-આર્થિક, પર્યાવરણીય અને માળખાગત પરિબળોની ભૂમિકા સ્વીકારવામાં આવી છે. તેમ છતાં, નીતિવિષયક પર્યાવરણ મહદંશે તબીબી દરમ્યાનગીરી ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરનારું છે અને તેમાં 'રોગ' અથવા 'સમસ્યા'ના નિવારણ માટે સારવાર અને પુનર્વસન ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. ભારતમાં વિકલાંગતા ધરાવતાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ગરીબી, અવહેલના અને અસમાનતાનો અનુભવ રોજેરોજ કરે છે. આ કાયદામાં અમલીકરણના માળખાની સ્પષ્ટતા તથા તેના અમલ ન થાય તો તેની સામે કાયદાકીય પગલાંની જોગવાઈનો અભાવ છે.

તેથી ભારતે તા.1-10-2007ના રોજ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ (યુએનસીઆરપીડી)ને માન્ય રાખ્યો છે એ એક આનંદદાયક બીના છે. તેમાં વિકલાંગતા વિશેના ખ્યાલમાં માળખાગત પરિવર્તન આવ્યું છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સખાવત, તબીબી સારવાર અને સામાજિક રક્ષણની વસ્તુ જ ન સમજવાની બાબતની માંગ કરાઈ છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અધિકારો ધરાવતા માણસો તરીકે તેમાં સ્વીકારવામાં આવ્યા છે. તેઓ તેમના અધિકારો અંગે દાવો કરી શકે છે અને સમાજના સક્રિય સભ્યો તરીકે તેમના જીવન વિશે નિર્ણયો લઈ શકે છે એ બાબત તેમાં સ્વીકારવામાં આવી છે. આ ઠરાવને માન્ય રાખનારા આરંભના દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. પરંતુ, તેની જોગવાઈઓ અનુસાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે અને તેમને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ ઓછું કાર્ય ભારતમાં થયું છે.

સરકારની તમામ જાહેર યોજનાઓમાં ઓછામાં ઓછા ત્રણ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સમાવવી જોઈએ અને વિકલાંગતા આધારિત વિભાજિત આંકડાઓ એકત્રિત કરી તેને જાહેર કરવા જોઈએ. જાણીતા અર્થશાસ્ત્રી અમર્ત્ય સેનના જણાવ્યા અનુસાર વિકલાંગ વ્યક્તિઓને બે પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એક આવકનો અને બીજો ખર્ચનો. જેમ કે, વિકલાંગ વ્યક્તિઓ માટે રોજગારી મેળવવી અને તેને જાળવી રાખવી ખૂબ જ મુશ્કેલ છે. ઉપરાંત સમાન કામ માટે સમાન વેતન મળે તેવું જરૂરી નથી. બિન-

વિકલાંગ વ્યક્તિની તુલનામાં વિકલાંગ વ્યક્તિની આવકનો મોટો ભાગ પોતાની અને પરિવારની સારસંભાળમાં અને સ્વતંત્ર રીતે સમ્માનભેર જીવન જીવવા માટે ખર્ચાય છે. તેથી સરકારી તમામ યોજનાઓમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને 20થી 30 ટકા વધુ લાભ મળવો જોઈએ.

**સરકારના અલગ-અલગ વિભાગોની યોજનાઓમાં વિકલાંગ વ્યક્તિઓને સામેલ કરવા અંગેના સૂચનોઃ**

### ૧. ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ)

- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને વિભાગ દ્વારા આપવામાં આવતા ઓળખપત્ર આપવાની પ્રક્રિયાને સરળ બનાવવી અને તમામ વિકલાંગ વ્યક્તિઓને એક જ કાર્ડ ઉપર તમામ સેવાઓનો લાભ મળે તેવી જોગવાઈ કરવી.
- ઓછામાં ઓછા ત્રણ ટકા વિકલાંગ વ્યક્તિઓનો એસસી, એસટી અને બીપીએલ પરિવારો માટેની યોજનાઓ તથા કાર્યક્રમોમાં સમાવશ કરવો.
- કમિશનર ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝની નિયુક્તિ કરવી, જેઓ પોતે વિકલાંગતા ધરાવતા હોય અથવા તો વિકલાંગતાને અધિકારની દૃષ્ટિએ મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે પ્રતિબદ્ધ હોય.
- તમામ કેસોનું અસરકારક રીતે નિવારણ લાવવા માટે જિલ્લા કે તાલુકા કક્ષાએ વર્ષમાં બે વાર જન સુનાવણીનું આયોજન કરવું.
  અવરોધમુક્ત વાતાવરણ બનાવવાના હેતુથી હેતુ જેનું બાંધકામ કરવામાં આવનાર હોય તથા જેમાં સુધારો કરવામાં આવનાર હોય તેવી તમામ જાહેર ઇમારતો સુધી પહોંચનું ઓડિટ બધા જ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સામેલગીરીથી પ્રાપ્ય બનાવવું. તેમાં આ ઇમારતો સામેલ છેઃ સામાજિક સુરક્ષા (સોશ્યલ ડિફેન્સ) ઓફિસ, કલેક્ટરેટ, સરકારી હોસ્પિટલો, વિશાળ ખાનગી હોસ્પિટલો, પ્રાથમિક અને સામુદાયિક (કમ્યુનિટી) આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ, પંચાયત ભવનો, સસ્તા અનાજની દુકાનો, સર્વ શિક્ષા અભિયાન સહિત સરકારી સહાયથી ચાલતી શાળાઓ, મેડિકલ, એન્જિનિયરિંગ, સોશ્યલ વર્ક, આર્કિટેક્ચર (સ્થાપત્ય) સહિતની પ્રોફેશનલ કોલેજો સહિતની તમામ કોલેજો, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) અને ગુજરાત શહેરી વિકાસ (જીયુડી) સહિત તમામ મ્યુનિસિપલ કચેરીઓ અને ઇમારતો, જાહેર બગીચાઓ, મોલ, હાઇકોર્ટ, જિલ્લા કોર્ટ, ટાઉન હોલ, જાહેર ક્ષેત્રના સાહસનાં પરિસરોની ઓફિસો તથા ફેક્ટરી વગેરે. પહોંચના ઓડિટ બાદ અગ્રતાના ધોરણે નિયત સમય-મર્યાદામાં સુધારા-વધારા માટે આયોજન કરવું. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સક્ષમ કરવાના વિભાગની ભારતમાં પહોંચની ઝુંબેશ સાથે સાંકળવી જોઈએ.

### ૨. આરોગ્ય વિભાગ

- વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને વિકલાંગતા પ્રમાણપત્ર મળે તે માટે તેમને પરિવહનની સહાય પૂરી પાડવી.
- વિકલાંગતા પ્રમાણપત્ર જારી કરવા માટે વધુ કર્મચારીઓને તાલીમ આપવી.
- વિકલાંગતા પ્રમાણપત્રો જારી કરવા બદલ ડોક્ટરોને પ્રોત્સાહક વળતર આપવું.
- આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓને વિકલાંગતા અને વિકાસ અંગે તાલીમ આપવી.
- ખાસ કરીને વિકલાંગતા ધરાવનારાં બાળકો તથા વિકલાંગતા ધરાવનારી ગર્ભવતી મહિલાઓને તેમના ઘરે જઈને તેમની મુલાકાત લેવી અને રસીકરણની વ્યવસ્થા કરવી.

### ૩. શિક્ષણ વિભાગ

- સર્વ શિક્ષા અભિયાન સહિત, સરકારી સહાય ધરાવતી તમામ શાળાઓમાં વિકલાંગ છોકરીઓ સહિત ત્રણ ટકા વિકલાંગ બાળકોનો સમાવેશ કરે તે ફરજિયાત બનાવવું જોઈએ.
- વિકલાંગતા ધરાવનારાં બાળકોને કેવી રીતે શિક્ષણ આપવું જોઈએ તેની સામગ્રી માટે બી.એડ. કોલેજોએ અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ.
- વિકલાંગતા અંગે સંવેદનશીલતા ફેલાવવા માટે દાક્તરી કોલેજો તથા એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર વગેરે કોલેજોમાં વિકલાંગતા અંગેના કોર્સને સમાવતો અભ્યાસક્રમ દાખલ કરવો.

### ૪. મહિલા અને બાળ વિકાસ વિભાગ

- ઓછામાં ઓછી ત્રણ ટકા વિકલાંગ મહિલાઓ અને છોકરીઓને લાભ મળી રહે તે માટે મહિલાઓ માટેની તમામ યોજનાઓમાં

તેનો અમલ કરવો.

- વિકલાંગતા ધરાવનારી મહિલાઓ અને છોકરીઓ માટે યોજનાઓના લાભ 20-30 ટકા વધુ હોવા જોઈએ.
- આઇસીડીએસ જેવા કાર્યક્રમોમાં વિકલાંગ હોય તેવી તમામ ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓની તેમના ઘરે રૂબરૂ મુલાકાત લઈને તેમની નિશ્ચિત ઓળખ કરવી જરૂરી છે.
- વિકલાંગતા ધરાવતી તમામ બાળકીઓના ઘરની મુલાકાત લઈને તેની ઓળખ કરવી જોઈએ અને આંગણવાડી, શાળા અને આરોગ્ય કેન્દ્ર સાથે સાંકળવી જોઈએ.

## ૫. શહેરી વિભાગ

- ખાનગી કંપનીની માલિકીનાં હોય તે સહિતનાં તમામ જાહેર સ્થળોને અવરોધમુક્ત બનાવવા માટે ઇમારતને લગતા પેટા નિયમોમાં સુધારા કરવા.
- તમામ હેરિટેજ બિલ્ડીંગ (ઐતિહાસિક ઇમારતો અને પ્રવાસી ઇમારતો) અને જીટીડીસી હોટેલોને અવરોધમુક્ત બનાવવી.
- વિકલાંગ વ્યક્તિઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજ્ય અને શહેરી પરિવહનની સુવિધાઓમાં વિકલાંગ વ્યક્તિઓ ઉપયોગ કરી શકે તેવી બસો રાખવી અને વિકલાંગ વ્યક્તિઓ માટે અલાયદી સીટ રાખવી.
- પરિવહન વિભાગના કર્મચારીઓને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ સાથે કેવી વર્તણૂંક કરવી તે અંગેની તાલીમ આપવી.

## ૬. ગ્રામીણ વિભાગ

- વિકલાંગતા ધરાવનારી ત્રણ ટકા વ્યક્તિઓને એમજીનરેગા અને મીશન મંગલમ જેવી યોજનાઓ સાથે સાંકળવી.
- રાજીવ ગાંધી ભવન જેવી એમજીનરેગા હેઠળની માળખાકીય સુવિધાઓને અવરોધમુક્ત બનાવવી.
- ઇન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના જેવી આવાસ યોજનાઓ હેઠળ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે અવરોધમુક્ત ઘરો બાંધવાં.
- વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની ત્રણ ટકા વસતિને આવરી લેવાના ઉદ્દેશ્ય સાથે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ વિકલાંગ વ્યક્તિઓ માટે યુનિટદીઠ (સુવિધાજનક) શૌચાલય તથા પરિવાર સ્તરે શૌચાલય પ્રાપ્ય બનાવવું.
- વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અને તેમના પરિવારોને આપમેળે જ બીપીએલ યાદીમાં સામેલ કરવા તથા રાઇટ ટુ ફૂડ બિલ એક્ટ, 2011 હેઠળ અગ્રતા ક્રમમાં સામેલ કરવામાં આવે.
- ઇલેક્શન બૂથને અવરોધમુક્ત બનાવવાં.
- ચૂંટણી અભિયાનની સામગ્રી અને ઉમેદવારોની વિગતો બ્રેઇલ લિપિ, મોટી પ્રિન્ટમાં વગેરે રીતે અને શક્ય હોય તો વાંચવામાં સરળ હોય તેવી ચિત્રાત્મક રીતે પ્રાપ્ય બનાવવી.
- ગ્રામ સભાઓએ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને આપવામાં આવેલા લાભ અંગે અહેવાલ આપવો.

## ૭. કૃષિ વિભાગ

- ધ હોર્ટિકલ્ચર મિશન અને એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા)એ વિકલાંગતા ધરાવતા ત્રણ ટકા ખેડૂતોને આવરી લેવાનું લક્ષ્ય રાખવું.
- કિસાન કોલ સેન્ટર જેવાં સેવા કેન્દ્રોએ વિકલાંગતા ધરાવનારી ત્રણ ટકા વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવી.

## ૮. શ્રમ અને રોજગારી વિભાગ

- રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની કામગીરીમાં વિકલાંગતા ધરાવનારી ત્રણ ટકા વ્યક્તિઓની ભરતી કરવી.
- તમામ વ્યવસાયિક તાલીમ સુવિધાઓએ વિકલાંગતા ધરાવનારી ત્રણ ટકા વ્યક્તિઓને પ્રવેશ આપવાનું તથા તેમની ભરતી કરાવવાનું લક્ષ્ય રાખવું.

## ૯. પાણી પુરવઠા વિભાગ

- તળાવો, કૂવા અને હેન્ડ પમ્પ જેવા વિવિધ જળ સ્રોતો અવરોધમુક્ત અને પ્રાપ્ય બનાવવા.
- ઘરનાં નળ અને સ્ટેન્ડ પોસ્ટ સુધી સરળતાથી પહોંચી શકાય તે માટે તે અવરોધમુક્ત અને પ્રાપ્ય બનાવવા.
- પાણી વ્યવસ્થાપન સમિતિઓમાં વિકલાંગતા ધરાવનારી ત્રણ ટકા વ્યક્તિઓને પ્રતિનિધિત્વ આપવું. ■

# સાબરકાંઠા જિલ્લાના પોશિના સીએચસીમાં વિકલાંગતા પ્રમાણન કેમ્પ

- દીપા સોનપાલ, પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, ઉન્નતિ



પોશિનાના કમ્યુનિટી હેલ્થ સેન્ટર (સામુદાયિક આરોગ્ય કેન્દ્ર) ખાતે 16 જુલાઈ, 2015ના રોજ વિકલાંગતા અંગેનું તબીબી પ્રમાણપત્ર આપવા માટે એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મુખ્યત્વે વિકલાંગતા અંગેનું 'તબીબી તપાસનું પ્રમાણપત્ર', 'ઓળખ કાર્ડ', 'આધાર કાર્ડ' અને 'મા(એમએએ - મુખ્યમંત્રી અમૃતમ યોજના) કાર્ડ' આપવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરના દિવસે કુલ 765 વ્યક્તિઓ નોંધાઈ હતી, જેમાંથી 237 વ્યક્તિઓ વિકલાંગતા ધરાવતી હતી. તે પૈકીની 121 વિકલાંગ વ્યક્તિઓને તબીબી તપાસનાં પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં અને 21 વ્યક્તિઓને 22 જુલાઈ, 2015ના રોજ હિંમતનગર ખાતે યોજનારા ઓડિયોમેટ્રી ટેસ્ટ માટે ભલામણ કરવામાં આવી હતી. સાંભળવાની તકલીફ ધરાવનારાં બાળકો સહિતની 21 વ્યક્તિઓમાંથી 10 વ્યક્તિઓ હિંમતનગર જવા માટે સંમત થઈ હતી, જેમને ડિસેબિલિટી સર્ટિફિકેટ (વિકલાંગતા પ્રમાણપત્ર) આપવામાં આવ્યું હતું. બાકીનાં 95 લોકો તબીબી પ્રમાણપત્ર મેળવવા માટેની યોગ્યતા ન ધરાવતા હોવાથી તેમને સલાહ-સૂચનો આપવામાં આવ્યાં હતાં. સામાજિક સુરક્ષા વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યલ ડિફેન્સ) દ્વારા જારી કરવામાં આવેલાં 103 ઓળખ કાર્ડ કમ બસ પાસનાં ફોર્મ કેમ્પ દરમિયાન આપવામાં આવ્યાં હતાં. વળી, 165 વ્યક્તિઓને આધાર કાર્ડ અને 32 વ્યક્તિઓને 'મા' કાર્ડ આપવામાં આવ્યાં હતાં.

કેમ્પમાં, દૃષ્ટિહીન વ્યક્તિઓને પણ 'આધાર કાર્ડ' આપવામાં આવ્યાં હતાં. ઘણી વખત કમ્પ્યુટર ઓપરેટરો - આંખોનું સ્કેનિંગ થઈ શકતું નથી - એવું કારણ આગળ ધરીને દૃષ્ટિહીન વ્યક્તિઓ માટે આધાર કાર્ડ જારી કરવાનો ઇનકાર કરતા હોય છે. મોટા ભાગે હાથ ન ધરાવતી વ્યક્તિઓ કે રક્તપિત્તની બીમારીમાંથી સાજી થઈ ગયેલી વ્યક્તિઓએ પણ આવી સમસ્યાનો સામનો કરવો પડે છે. જો સુપરવાઇઝરની પરવાનગી સાથેના નિયમિત વિકલ્પો ઉપલબ્ધ ન હોય, તો જડબાંને ધ્યાન પર લેવાના વિકલ્પ અંગે વિચારણા કરવાની જરૂરિયાત જણાય છે. પરંતુ, 500 રૂપિયાનો દંડ ભરવાના ડરથી ઓપરેટરો આમ કરતાં ખચકાટ અનુભવે છે. તે સમયે આ કેમ્પમાં ઉપસ્થિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન એમ., આઇએએસ અમારી મદદે આવ્યા અને મામલતદારને સુપરવાઇઝરનો સંપર્ક સાધીને તેમને જરૂરી મદદ પૂરી પાડવાની સૂચના આપવામાં આવી.

કેમ્પના એક મહિના પહેલાં સાબરકાંઠાના કલેક્ટર શ્રી પી. સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારીને જણાવવામાં આવ્યું કે સિવિલ હોસ્પિટલ દ્વારા જિલ્લા કક્ષાએ જારી કરવામાં આવતા તબીબી તપાસ પ્રમાણપત્રના અભાવે વિકલાંગતા ધરાવનારી અનેક વ્યક્તિઓ યોજનાઓનો લાભ મેળવવાથી વંચિત રહી જાય છે. સંબંધિત તાલુકાઓ કે પંચાયતોમાંથી મેળવવામાં આવેલો આશરે 1500 વ્યક્તિઓનો ડેટાબેઝ તેની સાક્ષી






પૂરતો હતો. બંને અધિકારીઓએ ઘણો સહકાર આપ્યો તથા કલેક્ટરે નવા બનેલા તાલુકા - પોશીના માટે કેમ્પ યોજવાની તાત્કાલિક ધોરણે જાહેરાત કરી. ઘણી આંતર-વિભાગીય મિટિંગનું સહનિર્દેશન કરવામાં આવ્યું અને કેમ્પ યોજવાની જવાબદારી બ્લોક હેલ્થ ઓફિસર (તાલુકા આરોગ્ય અધિકારી - ડો. હિતેન્દ્રસિંહ ગઢવી) તથા તેમની ટીમને સોંપવામાં આવી.

કેમ્પના દિવસે ઓર્થોપેડિક, ઓપ્થેમોલોજિસ્ટ, ઇએનટી અને સાઇકિયાટ્રિસ્ટ - એમ ચાર સ્પેશ્યાલિસ્ટ હાજર હતા. 'આધાર કાર્ડ' જારી કરવા માટે મામલતદારે આધાર કાર્ડની ચાર કિટ પૂરી પાડી હતી. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે કેમ્પના સ્થળે પહોંચવું ઘણું મુશ્કેલ હતું, તેથી તમામ લોકોને તેમના નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પ્રાઇમરી હેલ્થ સેન્ટર - પીએચસી) ખાતે પહોંચવા જણાવવામાં આવ્યું હતું. પોશીનામાં ચાર પીએચસી છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને સીએચસી ખાતે પહોંચાડવા માટે બીએચઓ દ્વારા વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિકલાંગતા ધરાવનારી જે વ્યક્તિ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી દૂર રહેતી હોય તેમના માટે ખાનગી વાહનોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

કેમ્પ ખાતે કલેક્ટર અને ડીડીઓ સાબરકાંઠા, ડીએફઓ ડો. કે. રમેશ, પ્રાન્ત અધિકારી, શ્રી વિશાલ સક્સેના, મામલતદાર શ્રી મોદી તથા શ્રી ગોટીયા, ટીડીઓ શ્રી પટેલ ઉપસ્થિત હતા. તાલુકાનો સમગ્ર આરોગ્ય વિભાગ- ટીએચઓ, પીએચસી ડોક્ટરો, એફએચડબલ્યુ, એમપીએચડબલ્યુ તથા તાલુકાનાં આશા કાર્યકરો, આંગણવાડી કાર્યકરો મોજૂદ હતા. તમામ અધિકારીઓએ આ કાર્યમાં ઘણો જ સહકાર પૂરો પાડ્યો હતો તથા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ તથા તેમના પરિવારજનો આટલાં વર્ષોમાં પહેલી વાર પ્રથમ ચરણ સંપન્ન થયાના સંતોષ સાથે ઘરે પરત ફર્યા હતા. જો કે, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ તેમના હક્કો અને લાભો મેળવી શકે તે માટે હજી લાંબી મજલ કાપવાની છે. ■



# વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે સમાવેશક આજીવિકા અને કૌશલ્ય વર્ધન અંગે રાજ્ય કક્ષાનો પરિસંવાદ

સીબીએમ એસએઆરઓની સહાયથી **અંધ જન મંડળ (બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન – બીપીએ)** દ્વારા 15મી સપ્ટેમ્બર, 2015ના રોજ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સમાવેશક આજીવિકા અને કૌશલ્ય વર્ધન અંગેનો રાજ્ય કક્ષાનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના 250થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ પરિસંવાદનું આયોજન કરવા પાછળનો ઉદ્દેશ્ય વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના કૌશલ્ય વર્ધન, આજીવિકા અને પહોંચ માટે ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ, કેન્દ્ર સરકારની નવતર પહેલ વિશે માહિતીનો પ્રસાર કરવાનો હતો.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સક્ષમ કરવા માટેનો વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ), સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના સંયુક્ત સચિવ, શ્રી મુકેશ જૈને મુખ્ય મુદ્દાઓની રજૂઆત કરવા સાથે સૂચિત પહેલો વિશે પણ વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 2011ના વસ્તી ગણતરીના આંકડાઓ અનુસાર, ભારતમાં 2.68 કરોડ લોકો વિકલાંગતા ધરાવે છે, જેમાંથી 99 લાખ લોકો સાક્ષર છે અને બેરોજગાર છે અથવા તો ખાસ લાભપ્રદ રોજગારી નથી ધરાવતા. વિકસી રહેલી એ સમજૂતી વિશે પણ તેમણે વાત કરી હતી, જેમ કે, વિકલાંગતા શારીરિક ક્ષતિ/ખામીને કારણે નહીં, પરંતુ સમાજના અભિગમને કારણે સર્જાય છે. સમાજનો આ અભિગમ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા આડે અવરોધરૂપ બને છે. સમાજની આ પ્રચલિત માનસિકતા બદલવી જરૂરી છે. દિલ્લી ખાતે યોજાયેલા સમારોહ વિશે પણ તેમણે વાત કરી હતી, જેમાં 15 એનજીઓ અને વિકલાંગતા ધરાવનારા 7500 સહભાગીઓએ ક્રિકેટ, વ્હીલ ચેર બાસ્કેટબોલ, બ્લાઇન્ડ એરોબિક્સ, નૃત્ય અને સંગીત સહિતની વિવિધ રમત-ગમતો તથા પ્રવૃત્તિઓમાં




ભાગ લીધો હતો. આ સમારોહ વિકલાંગતા ન ધરાવતી વ્યક્તિઓને વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની ક્ષમતાઓથી વાકેફ કરાવવામાં તથા જો પૂરતી તકો આપવામાં આવે, તો કોઈ પણ વ્યક્તિ આવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈને પોતાની ક્ષમતાઓનો ઉપયોગ કરી શકે છે, તે સત્ય સમજાવવામાં મદદરૂપ નીવડ્યો હતો.

## વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સક્ષમ કરવા માટે વિભાગની સૂચિત પહેલ અને યોજનાઓ:

**૧. એક્સેસિબલ ઇન્ડિયન કેમ્પેઇન (ભારતીય પહોંચ માટેની ઝુંબેશ):**

- **અવરોધમુક્ત વાતાવરણ ઊભું કરવું**
  48 શહેરોની 100 ઇમારતોને અવરોધમુક્ત બનાવવા માટે પસંદ કરવામાં આવી છે.
- **પરિવહન વ્યવસ્થા**
  - 25 ટકા સ્થાનિક હવાઈ અડ્ડાને વિકલાંગ વ્યક્તિઓ માટે અવરોધમુક્ત બનાવવાં.
  - 75 ટકા રેલવે સુવિધાઓ પૂર્ણપણે અવરોધમુક્ત બનાવાશે.
  - 20 ટકા બસ સેવાઓને 2017 સુધીમાં પૂર્ણપણે અવરોધમુક્ત બનાવવી.
- **માહિતી અને ટેકનોલોજીની પહોંચ**
  6,000 વેબસાઇટની યાદી તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઇટ્સનું ઓડિટ કરવામાં આવશે અને તેમાંની 50 ટકા વેબસાઇટ્સને બે વર્ષમાં વિકલાંગ વ્યક્તિઓ માટેની સુવિધા ધરાવતી બનાવવા માટે તેમાં સુધારો કરવામાં આવશે. આ ઉપરાંત, એવો મોબાઇલ એપ શરૂ કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે, જેનો ઉપયોગ કરીને લોકો અસુવિધાજનક હોય તેવી ઇમારતોના ફોટા અને વિગતો અપલોડ કરી શકે.

પ્રાથમિક ધોરણે જે ઇમારતોને અવરોધમુક્ત બનાવવી જરૂરી હોય તેવી ઇમારતો વિશે જાણકારી મેળવવા માટે પણ આ એપ ઉપયોગી નીવડશે. એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે દૃષ્ટિની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે લખાણને વક્તવ્યમાં રૂપાંતરિત કરવામાં આવે તે જરૂરી છે. વાતચીત કે વક્તવ્ય ચાલુ ન હોય, ત્યારે દૃષ્ટિની ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ સ્ક્રીન પર શું ચાલી રહ્યું છે તે જાણી શકે તે માટે ફિલ્મો વગેરેમાં ચિત્રનાં વર્ણનોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. જાહેર કાર્યક્રમોમાં તથા મિટિંગોમાં સાંકેતિક ભાષાના દુભાષિયાઓ રાખવાની જરૂરિયાતને પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યું નહોતું.

**૨. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે આજીવિકાઃ**

વિકલાંગતા ધરાવનારા 25 લાખ યુવાનોને કૌશલ્ય સંબંધિત તાલીમ પૂરી પાડવા માટે નેશનલ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે કૌશલ્ય વર્ધન કાર્યક્રમ સાથે જોડાયેલી રોજગારીનો અમલ કરવા માટેના પ્રથમ તબક્કામાં 100 સંસ્થાઓની પસંદગી કરવામાં આવશે. કૌશલ્યવર્ધન માટેનું મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ)એ 100 કરોડનું ભંડોળ પૂરું પાડવાની સંમતિ આપી છે અને આ યોજનાને નાણાં વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવે તેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. કૌશલ્ય વર્ધન કાર્યક્રમમાં તમામ પ્રકારની વિકલાંગતાઓને આવરી લેવામાં આવશે અને તેમાં નિશ્ચિત વિકલાંગતા માટે નિશ્ચિત વેપારની પણ જોગવાઈ કરવામાં આવશે. આ ઉપરાંત, તેમાં કૃષિ, બાગાયતી ખેતી વગેરે સંબંધિત કૌશલ્યોને પણ આવરી લેવાશે. આ યોજના હેઠળ અમલીકરણ સંસ્થાઓ માટે 40 ટકા ફરજિયાત રોજગારી સુનિશ્ચિત કરવામાં આવશે. તેમાં સ્વ-રોજગાર કે વેતન સાથેની રોજગારીને પણ સામેલ કરી શકાય.

**૨.૧ સીબીએમ અને અંધ જન મંડળ (બીપીએ)નો વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટેનો સમાવેશક આજીવિકા કાર્યક્રમ**

બીપીએના સમાવેશક આજીવિકા કાર્યક્રમ (ઇન્ક્લુઝિવ લાઇવલીહૂડ પ્રોગ્રામ) અંગેની રજૂઆતમાં ગરીબી નાબૂદીના ચાવીરૂપ કાર્યક્રમોમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સહભાગિતા સામેના અવરોધો, નવતર પહેલ અને આંકડાઓ દર્શાવવામાં આવ્યા હતા. એમજીનરેગા અને સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનામાં તેમની સહભાગિતા 1.5 ટકા કરતાં પણ ઓછી છે. ગુજરાત, રાજસ્થાન, ઓરિસ્સા અને છત્તિસગઢ એ ચાર રાજ્યોના 6 જિલ્લા ક્રમશઃ સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, જોધપુર, કટક અને રાજનંદગાંવનાં 340 ગામોના સર્વે ડેટા દર્શાવે છે કે, વિકલાંગતા ધરાવનારી મોટાભાગની વ્યક્તિઓ માધ્યમિક કક્ષાનું શિક્ષણ ધરાવે છે, તેમાંથી મોટાભાગની વ્યક્તિઓ બેરોજગાર છે અને તેઓ કૌશલ્ય વર્ધન કાર્યક્રમના લાભથી વંચિત છે. આ છ જિલ્લાઓમાં આજીવિકાની તકો વધારવા માટેની ચાવીરૂપ વ્યૂહરચનાઓમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની આજીવિકાની સ્થિતિ અંગેનો સર્વે, જરૂરિયાતની આકારણી, સંસાધન આલેખન, કૌશલ્ય વર્ધન, નિપુણ તાલીમકર્તાઓ વધારવા, નેટવર્કિંગ, નાણાકીય સમાવેશકતા, રોજગારી તથા સ્વ-રોજગારીનો સમાવેશ થાય છે. સમાવેશક સ્વ-સહાય જૂથો રચવા માટે વિકલાંગ મહિલાઓએ હાથ ધરેલી નવતર પહેલનાં ઉદાહરણો આપવામાં આવ્યાં હતાં. આ જૂથોએ બેન્કની સેવાઓ મેળવવાની, પરસ્પરને સહાય પૂરી પાડવાની તથા ગામડાંઓમાં જાગૃતિની પ્રવૃત્તિઓ હાથ ધરવાની પહેલ કરી હતી. ગ્રામ સ્તરે માળખાકીય સુવિધાઓના અભાવને કારણે કૌશલ્ય વર્ધન તાલીમ પૂરી પાડવી એક પડકાર બની રહે છે.

**૨.૨ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિને રોજગારી પૂરી પાડવા માટે નોકરી આપનારની પહેલ**

- **સફલ કન્સ્ટ્રક્શન પ્રા. લિ.:**

  આ કંપનીએ શારીરિક ખામી તથા દૃષ્ટિની ક્ષતિ ધરાવતાં 240 લોકોને લિફ્ટ ઓપરેટર તરીકેની કામગીરી સોંપીને તેમને રોજગારી પૂરી પાડી છે તેમ જ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની ભરતી કરવી એ સંગઠનનો અધિકૃત નિયમ કે આદેશ બની ચૂક્યો છે. વિકલાંગ વ્યક્તિઓ વધુ ઊંચું વેતન મેળવી શકે તે માટે તેમને તાલીમ પૂરી પાડવામાં આવે છે. અન્ય કેટલીક બાંધકામ ક્ષેત્રની કંપનીઓ પણ આ પગલાંને અનુસરી રહી છે.

- **શેલ પેટ્રોલ પમ્પ:**

  અમદાવાદમાં બે નવા પેટ્રોલ પમ્પ શરૂ કર્યા છે અને તેમાં વિકલાંગતા ધરાવનારી 14 વ્યક્તિઓની ભરતી કરી છે. આ કંપનીએ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની ભરતી કરવાની નીતિને પ્રાથમિક ધોરણે અપનાવી છે.

**૨.૩ કર્મચારીઓના અનુભવો**

દૃષ્ટિની ક્ષતિ ધરાવનારા અને રાષ્ટ્રીયકૃત બેન્કમાં નોકરી કરનારા એક કર્મચારીએ પોતાના સહકર્મીઓના સહાનુભૂતિભર્યા વલણ વિશે વાત કરી. સહકર્મીઓનું આવું વલણ વાસ્તવમાં આ કર્મચારીને કામ કરતાં અટકાવતું હતું. પરંતુ, કમ્પ્યુટર સોફ્ટવેરની મદદથી આ કર્મચારીએ પોતાને સોંપાયેલું કામ કરવાની પોતાની ક્ષમતા સિદ્ધ કરી બતાવી. એટલું જ નહીં, તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા માંગતી અન્ય વિકલાંગ વ્યક્તિઓને મદદ કરવાનું પણ શરૂ કર્યું છે. ■

# એમજીનરેગાને અસરકારક બનાવવા માટેના પ્રયત્નો

## એમજીનરેગાને અસરકારક બનાવવા માટે સઘન સહભાગિતા આયોજન કામગીરી (ઇન્ટેન્સિવ પાર્ટિસિપેટરી પ્લાનિંગ એક્સરસાઇઝ-આઇપીપીઇ) તથા ક્લસ્ટર ફેસિલિટેશન ટીમ (સીએફટી) વ્યૂહરચના

આ લેખ 'ઉન્નતિ'ની રાજસ્થાન પ્રોગ્રામ ઓફિસનાં સી.ઓ.ઓ., **સ્વપ્નિ શાહ** દ્વારા લખવામાં આવ્યો છે. સ્વપ્નિ શાહ ગ્રામીણ વિકાસ મંત્રાલયની માન્યતા પ્રાપ્ત આઇપીપીઇ માટેનાં રાષ્ટ્રીય કક્ષાનાં તાલીમકર્તા છે તથા તેઓ રાજસ્થાનમાં આયોજનની પ્રક્રિયા ક્ષેત્રે સહાય પૂરી પાડી રહ્યાં છે. 'ઉન્નતિ' રાજસ્થાનના જોધપુર જિલ્લાના બાલેસર તાલુકામાં સીએફટી પ્રોજેક્ટનો અમલ પણ કરી રહ્યું છે.

એમજીનરેગાના અમલીકરણમાં સામાજિક સુરક્ષા અને વેતનનાં પાસાંઓથી અલગ, ૨૦૧૪થી સરકાર લોકોની આજીવિકામાં સુધારો લાવવા માટે સાતત્યપૂર્ણ અસ્કયામતો (મિલકતો) ઊભી કરવા અને તે અસ્કયામતોના ઉપયોગ પર ધ્યાન આપી રહી છે. તેના કારણે કાર્યો માટેની આયોજનની પ્રક્રિયાને ફરી મહત્ત્વ અપાતું થયું છે. અધિનિયમના પરિશિષ્ટ-૧ના પેરા-૭ અનુસાર દર વર્ષે પંચાયતના દરેક સ્તરે પદ્ધતિસરની, સહભાગિતાયુક્ત આયોજનની કામગીરી હાથ ધરવી જરૂરી છે. આયોજનની કામગીરી કેવી રીતે હાથ ધરાશે તે ઓપરેશનલ ગાઇડલાઇન્સ (કાર્યકારી માર્ગદર્શિકાઓ)ના પ્રકરણ-૬માં દર્શાવવામાં આવ્યું છે. જો કે, ગ્રામીણ વિકાસ મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ - MoRD)એ દેખરેખ સાથેની પ્રવૃત્તિ તરીકે સઘન સહભાગિતા આયોજન કામગીરી (આઇપીપીઇ) થકી ગુણવત્તાયુક્ત આયોજન હાથ ધરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેના એમજીનરેગા લેબર બજેટ (એલબી - શ્રમ અંદાજ પત્ર) તૈયાર કરવા માટે દેશના ૨૫૦૦ પછાત તાલુકાઓને આવરી લેવામાં આવ્યા છે.

તેના ઉદ્દેશ્યો નીચે પ્રમાણે છે:

(૧) સમુદાયની સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરવી, જેથી લોકોની જરૂરિયાતો તથા પ્રાથમિકતાઓને ખરા અર્થમાં પ્રતિબિંબિત કરી શકાય.

(૨) વંચિત વર્ગો પર ભાર મૂકવા સાથે કાર્ય માટેની માગનું વધુ ચોકસાઇપૂર્ણ અનુમાન કરવું.

(૩) નક્કી કરવામાં આવેલાં કાર્યો દ્વારા ગરીબ અને વંચિત વર્ગનાં લોકોની પરિસ્થિતિ તથા આજીવિકામાં સુધારો આવશે એ દ્રષ્ટિએ ઉત્પાદકીય અસ્કયામતો (મિલકતો)નું નિર્માણ થાય તે સુનિશ્ચિત કરવું.

(૪) ગ્રામ પંચાયત ગરીબી ઘટાડવા માટેનું તથા સ્થાનિક વિકાસ માટેનું સુગ્રથિત આયોજન તૈયાર કરવા માટે સક્ષમ હોવી જોઈએ.

ગામમાં બેથી ત્રણ દિવસ સુધી આયોજનની પ્રક્રિયાની મદદ પૂરી પાડવા માટે તાલુકા આયોજન ટીમ (બીપીટી - બ્લોક પ્લાનિંગ ટીમ) દ્વારા પાર્ટિસિપેટરી રૂરલ અપ્રેઇઝલ (પીઆરએ) ટૂલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સહભાગિતા આયોજનમાં કર્મચારીઓને તાલીમ પૂરી પાડવામાં આવી છે, ૨,૫૦,૦૦૦ ગ્રામીણ યુવાનો દ્વારા વ્યક્તિગત જમીન પર કાર્યોનું સૂચિકરણ કરવામાં આવ્યું છે તથા માગના અનુમાન માટે આશરે ૧.૪૫ કરોડ વંચિત પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. પરિણામે, આઇપીપીઇ તાલુકાઓમાં ૨૦૧૪-૧૫ની સરખામણીએ ૨૦૧૫-૧૬ના આયોજનમાં કૃષિ અને કુદરતી સંસાધન વ્યવસ્થાપન (એનઆરએમ) પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. (સ્રોતઃ ફ્રેમવર્ક ફોર કન્વર્જન્ટ પ્લાનિંગ, આઇપીપીઇ ૨, ૨૦૧૫-૧૬, ગ્રામીણ વિકાસ મંત્રાલય, કેન્દ્ર સરકાર)

ગ્રામીણ વિસ્તારોની વિવિધ સ્વરૂપો ધરાવતી ગરીબીની સમસ્યા પર ધ્યાન આપવાના પ્રયાસરૂપે તમામ ગ્રામીણ વિકાસ કાર્યક્રમો માટે કેન્દ્રીકૃત આયોજનને વેગ આપવા માટે આઇપીપીઇનો ઉપયોગ કરવામાં આવે છે. આ પાછળ ૨,૫૩૨ તાલુકાઓના પ્રત્યેક વંચિત પરિવાર સુધી પહોંચવાનો અને તેમની પ્રાથમિકતાઓ તથા સંસાધનોના આધારે તેમના માટે ટકાઉ આજીવિકા વિકસાવવાનો હેતુ છે. વંચિત પરિવારોની ઓળખ નક્કી કરવા માટે સામાજિક આર્થિક જ્ઞાતિ વસતિ ગણતરી (સીઇસીસી) ૨૦૧૧ના આંકડાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

દરેક રાજ્ય વેતન રોજગારી, આજીવિકા, કૌશલ્ય તથા સામાજિક સલામતીને ધ્યાનમાં રાખીને ગ્રામીણ વિકાસ આયોજન (વિલેજ ડેવલપમેન્ટ પ્લાન) તૈયાર કરે તેવો ઉદ્દેશ્ય છે. ગ્રામીણ વિકાસ વિભાગના પાંચ મુખ્ય કાર્યક્રમો દ્વારા ઉપરોક્ત મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવે છે. આ પાંચ કાર્યક્રમો આ પ્રમાણે છે:

(૧) મહાત્મા ગાંધી નરેગા,

(૨) નેશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન (એનઆરએલએમ),

(૩) ઇન્દિરા આવાસ યોજના (આઇએવાય),

(૪) દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયુ-જીકેવાય) અને
(૫) નેશનલ સોશ્યલ આસિસ્ટન્સ પ્રોગ્રામ (એનએસએપી).

એનઆરએલએમ સ્વ-સહાય જૂથો (એસએચજી) અને સ્વૈચ્છિક સંગઠનો (વોલન્ટરી ઓર્ગેનાઇઝેશન્સ - વીઓ) સ્વરૂપે આઇપીપીઇ માટેનું માધ્યમ પૂરું પાડશે. ગરીબ વર્ગનાં આ સંગઠનોની સંસ્થાકીય સામેલગીરી પંચાયતોમાં ઉત્તરદાયિત્વ (જવાબદારી) અને સહભાગિતાના સ્તરમાં સુધારો કરશે તેવું જણાયું છે. આઇપીપીઇ-૨નાં ચાવીરૂપ અપેક્ષિત પરિણામો આ પ્રમાણે છેઃ

(૧) એમજીનરેગાના શ્રમ અંદાજ પત્ર (લેબર બજેટ) અને કાર્યની માગના અંદાજ સાથેનો સંયુક્ત રાજ્ય ગ્રામીણ વિકાસ પ્લાન,
(૨) એનઆરએલએમ દ્વારા હાથ ધરાનાર વંચિત પરિવારોનું આજીવિકા આયોજન,
(૩) સવેતન રોજગારી માટે કૌશલ્ય પ્રાપ્ત કરવા માંગતા વંચિત પરિવારોના યુવાનોની ઓળખ નક્કી કરવી, જેના પર ડીડીયુ-જીકેવાય દ્વારા ધ્યાન આપવામાં આવશે, તથા
(૪) એનએસએપી અને આઇએવાય માટે બહિષ્કૃત હોય, પરંતુ પાત્રતા ધરાવતા હોય તેવા લાભાર્થીઓની યાદી.

જુલાઇ ૨૦૧૫ના છેલ્લા અઠવાડિયામાં તમામ રાજ્યોના એમજીનરેગા અને એનઆરએલએમના કર્મચારીઓ તથા પસંદગીયુક્ત નાગરિક સમાજ સંગઠનો (સીએસઓ)ની પાંચ દિવસની તાલીમ બાદ તમામ રાજ્યોએ તેમના જિલ્લા અને તાલુકા કક્ષાના મધ્યવર્તી સ્ટાફને માહિતી પૂરી પાડી હતી. પ્રાથમિક ધોરણે દરેક તાલુકાના ચાર સરકારી કર્મચારીઓ અને સીએસઓ પ્રતિનિધિઓની બનેલી તાલુકા સંસાધન ટીમ (બ્લોક રિસોર્સ ટીમ - બીઆરટી)ની રચના કરવામાં આવી હતી અને તેમને આઇપીપીઇ-૨ની પ્રક્રિયા અંગે તાલીમ આપવામાં આવી હતી. જેથી, તેઓ ગામમાં ૩થી ૪ દિવસની સહભાગિતા આયોજનની કામગીરી કરનારી બ્લોક પ્લાનિંગ ટીમ (બીપીટી)ને તાલીમ આપી શકે. બીપીટીમાં વેતન ઇચ્છતા પરિવારો, સ્વ-સહાય જૂથોના સભ્યો અને વીઓ (સ્વૈચ્છિક સંગઠનો - વોલન્ટરી ઓર્ગેનાઇઝેશન્સ) તથા સ્થાનિક કક્ષાના સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે. તમામ રાજ્યોમાં સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન બીઆરટી અને બીપીટી માટેની તાલીમો સંપન્ન થઈ હતી અને ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયા દરમિયાન ગ્રામ સભાની શરૂઆત થઈ હતી. રાજસ્થાનના ૨૨ જિલ્લાઓના ૮૩ તાલુકાઓમાં આઇપીપીઇ-૨ હાથ ધરાઈ છે. ઉન્નતિ, પ્રદાન અને સૃજન જેવાં સંગઠનોએ તાલીમ કાર્યક્રમો અસરકારક હાથ ધરાય તે માટે રાજ્યને મદદ પૂરી પાડી હતી.

ગ્રામીણ બેરોજગારી અને ગરીબીના પ્રશ્નો પર એકમેક કરતાં ભિન્ન પાસાંઓ દ્વારા ધ્યાન આપતા ગ્રામીણ વિકાસ મંત્રાલયના બે કાર્યક્રમો - એમજીનરેગા અને એનઆરએલએમની સંયુક્ત અસરકારકતા ઊભી કરવાના પ્રયાસરૂપે મંત્રાલયે નાગરિક સમાજ સંગઠનો (સીએસઓ)ની સામેલગીરી કરી છે. આ પાછળનો ઉદ્દેશ્ય એમજીનરેગા દ્વારા ઊભી કરવામાં આવતી અસ્કયામતોની ગુણવત્તા સુધારવાનો અને ગ્રામીણ આજીવિકાની સાતત્યપૂર્ણતા સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રોજેક્ટ નબળા માનવ વિકાસ (પૂઅર હ્યૂમન ડેવલપમેન્ટ)ના સૂચકો અને નાગરિક સમાજ સંગઠનોની સક્રિય હાજરીના સૂચકોના આધારે રાજ્ય સરકારો દ્વારા નક્કી કરવામાં આવેલા ૨૫૦ પછાત તાલુકાઓમાં હાથ ધરવામાં આવ્યો છે. સંયુક્ત અસરકારકતાના ઘટકો આ પ્રમાણે છેઃ

(૧) જાગૃતિ ફેલાવવી અને માગ ઊભી કરવી,
(૨) આજીવિકાનાં આયોજનો સાથેનાં કાર્યો નક્કી કરવાં તથા તેમનું આયોજન કરવું,
(૩) કાર્ય સ્થળે અમલ કરવો અને માપન કરવું,
(૪) સમુદાય આધારિત સંગઠનો (સીબીઓ)ને સોંપવામાં આવેલા ભંડોળ થકી નરેગા કાર્યકર્તાઓને વેતનની અગાઉથી ચૂકવણી કરવી, અને
(૫) પંચાયતી રાજ સંસ્થાઓ (પીઆરઆઇ) હેઠળ સાંકળવામાં આવેલા તમામ હિત ધારકો માટે ક્ષમતા વર્ધન અને તાલીમની જોગવાઈ.

પસંદગીયુક્ત નાગરિક સમાજ સંગઠનો દ્વારા સંચાલિત ક્લસ્ટર ફેસિલિટેશન ટીમ (સીએફટી) આ સંયુક્ત અસરકારકતાને કાર્યરત કરવા માટેનું માધ્યમ છે. આ વ્યૂહરચના દેશની ૧૨મી પંચવર્ષીય યોજનામાં કરવામાં આવેલી ભલામણ પર આધારિત ઓપરેશનલ ગાઇડલાઇન્સ ઓફ એમજીનરેગા, ૨૦૧૩ની જોગવાઈ પર આધારિત છે. સીએફટી ગ્રાસરૂટ કક્ષાએ સહાય પૂરી પાડવા અને ક્ષમતા-વર્ધન કરવા ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા ભજવશે, અસ્કયામતોની ગુણવત્તા સુધારવા માટેનાં આયોજન અને જવાબદારીનાં કાર્યોમાં સહભાગી થવા માટે સમુદાયને ગતિશીલ બનાવશે તથા બહેતર સેવા પૂરી પાડવાની વ્યવસ્થાને પ્રોત્સાહન પૂરું પાડશે. ખાસ કરીને આ પ્રોજેક્ટ, એમજીનરેગામાં સાતત્યપૂર્ણ મિલકતો ઊભી કરીને ગ્રામીણ ગરીબ વર્કના આજીવિકા વિકાસને સહાય પૂરી પાડવાનો, એસસી અને એસટી પરિવારોની કાર્ય માટેની

માગ સંતોષવાનો અને થઈ ચૂકેલા કાર્ય બદલ સમયસર વળતર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટેની મદદ પૂરી પાડવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. ગ્રામીણ વિકાસ વિભાગ, રાજસ્થાન સરકાર, રાજસ્થાન ગ્રામીણ આજીવિકા વિકાસ પરિષદ (આરજીએવીપી) અને વિવિધ નાગરિક સમાજ સંગઠનો વચ્ચેની ભાગીદારીરૂપે ૨૫ ડિસેમ્બર, ૨૦૧૪થી રાજસ્થાનના ૧૫ જિલ્લાઓના ૧૫ પસંદગીયુક્ત તાલુકાઓમાં સીએફટી પ્રોજેક્ટનો અમલ થઈ રહ્યો છે. જોધપુર જિલ્લાના બાલેસર તાલુકાની જવાબદારી 'ઉન્નતિ - ઓર્ગેનાઇઝેશન ફોર ડેવલપમેન્ટ એજ્યુકેશન' સંભાળી રહ્યું છે.

સમુદાયને તેમની માગ માટે નોંધણી કરાવવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે-સાથે ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક કર્મચારીઓ અને તાલુકા કક્ષાના વહીવટી તંત્રને કાર્યની માગ બદલ રસીદ (પહોંચ) આપવા માટે ઉત્તેજન આપીને 'ઉન્નતિ'એ જાન્યુઆરી ૨૦૧૫માં રાજ્યમાં પ્રથમ રોજગાર દિવસનું આયોજન કરવામાં મદદ પૂરી પાડી હતી. ત્યાર બાદ, ૨૦ ગ્રામ પંચાયતોમાં નિદર્શનના હેતુથી શ્રમિકોના અધિકારો અંગે જાગૃતિ ફેલાવવા માટે અને કાર્ય માટેની માગની નોંધણી કરવા માટે ૪૬ રોજગાર દિવસનું આયોજન થયું હતું.

હવે આ પ્રક્રિયા કાર્યરત થઈ ચૂકી છે અને બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર - બીડીઓ દ્વારા આ અંગે જારી કરવામાં આવેલા આદેશને પગલે તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં દર ગુરુવારે તેનું આયોજન કરવામાં આવે છે. રોજગાર દિવસના દિવસે પટવારી (ગ્રામ કક્ષાના રેવન્યુ (મહેસૂલ) કર્મચારીઓ) હાજર રહે તે સુનિશ્ચિત કરવા માટે તહેસિલદાર (રેવન્યુ વિભાગના તાલુકા કક્ષાના કર્મચારી) દ્વારા આદેશ આપવામાં આવ્યો છે, જેથી જેમના આધારે વ્યક્તિગત જમીન પરનાં કાર્યોનું આયોજન કરવામાં આવ્યું હોય તેવા પરિવારો માટે અરજીની ફાઇલો તૈયાર કરી શકાય. આમ કરવાથી વ્યક્તિગત જમીન પરનાં કાર્યોની મંજૂરી અને અમલીકરણની કામગીરી ઝડપી બનાવી શકાશે.

કેટેગરી-બી (વંચિત વર્ગો માટેની સામુદાયિક મિલકતો અથવા તો વ્યક્તિગત મિલકતો)ને ચાલુ વર્ષનાં ઉમેરારૂપ આયોજનોમાં સામેલ કરવા માટે જૂન-જુલાઈ ૨૦૧૫માં સહભાગી આયોજન પ્રક્રિયા દ્વારા નવાં ૬૮૮ કાર્યોને કેટેગરી-બીમાં આવરી લેવાયાં હતાં. વ્યક્તિગત જમીન પરનાં કાર્યોની ઝડપ વધારવા માટે ૩૦૦ પરિવારો માટે અરજીની પ્રક્રિયાને સહાય પૂરી પાડવામાં આવી છે. સાતત્યપૂર્ણ આજીવિકા વિકાસ મોડલના ભાગરૂપે હોર્ટિપાશ્ચર પ્લોટ વિકસાવવા માટે બે ગ્રામ પંચાયતોના ચાર પરિવારોને મદદ પૂરી પાડવામાં આવી છે - આ પ્લોટ વિકસાવવાથી પરિવારને પશુધન માટેનો ઘાસચારો મળી રહેશે, ઇંધણ મળી રહેશે અને ફળોના વેચાણ થકી આવક પણ થશે. પ્લોટના રક્ષણ બાદ જમીનની ફળદ્રૂપતા વધવાને લીધે પ્લોટમાંથી થતી ખેતીકીય ઉપજ પણ વધશે. ફળોનાં રોપાંઓની આસપાસ સમગ્ર વર્ષ દરમિયાન સિઝનનાં શાકભાજી પણ વાવી શકાય છે. પોસ્ટ ઓફિસ અને કો-ઓપરેટિવ કક્ષાએ વેતનની ચૂકવણીમાં ઘણો વિલંબ થાય છે, ત્યારે વેતનની હવે પછીની ચૂકવણી બેન્ક મારફત થઈ શકે તે માટે સીએફટીએ હાલનાં બેન્ક ખાતાંઓની યાદી તૈયાર કરવામાં તથા બેન્કનાં ખાતાંઓ ખોલાવવામાં મદદ પૂરી પાડી હતી. પ્રોજેક્ટના અમલીકરણના છેલ્લા નવ મહિનાઓમાં, સ્વ-સહાય જૂથોનાં ૧૬ ફેડરેશન અને એમજીનરેગાનાં શ્રમિકો સાથે જાગૃતિ ફેલાવવાની ૩૭૬ મિટિંગ યોજાઈ હતી. ૧૪ ગ્રામ પંચાયતોમાં ૭૯ શ્રમિક જૂથોની રચના કરવામાં આવી છે. પ્રોજેક્ટ ફોર લાઇવલીહૂડ્ઝ ઇન ફુલ એમ્પ્લોયમેન્ટ (પ્રોજેક્ટ લાઇફ-એમજીનરેગા) હેઠળ, લાયકાત ધરાવતા તમામ પરિવારોની કૌશલ્ય વર્ધનની જરૂરિયાતો અંગેની વિગતો એકઠી કરવામાં આવી છે. રોજગાર દિવસ (બીજી ફેબ્રુઆરી) માટેની પ્રક્રિયા, બેરફૂટ એન્જિનિયરોની પસંદગી (માર્ચ ૧૩), શ્રમિક જૂથોની રચના (૩૦ માર્ચ), મહિલા મેટ માટેની પસંદગી પ્રક્રિયા, શ્રમિક જૂથની રચના અને રોજગાર દિવસ (૧૭ એપ્રિલ), આઇપીપીઇ અને પરિવારનો સર્વે (પાંચ મે અને ૨૬ મે) - આ છ પ્રસંગોએ સીએફટીએ ગ્રામ સેવકો અને ગ્રામ રોજગાર સહાયકોને માહિતી પૂરી પાડવામાં મદદ પૂરી પાડી હતી. રાજીવિકાની મદદ દ્વારા પંચાયત સમિતિની તાલીમ બાદ મેટ તરીકે કામ કરી શકે તેવી અન્ય ૧૪૮ એવી મહિલાઓ ઓગસ્ટમાં નક્કી કરવામાં આવી હતી.

કલ્સ્ટર ફેસિલિટેશન ટીમ (સીએફટી) પ્રોજેક્ટનો અમલ કરી રહેલા સીએસઓ તેમના સંબંધિત તાલુકાઓમાં આઇપીપીઇ-૨ પ્રક્રિયાને સહાય પૂરી પાડી રહ્યાં છે. આ પ્રોજેક્ટ માટે નાગરિક સમાજ સંગઠનો (સીએસઓ)નો ઉપયોગ કરી શકાય છે, જેમાં મુખ્યત્વે આયોજનમાં સહભાગિતા માટે સામુદાયિક ગતિશીલતાનો સમાવેશ કરવામાં આવે છે, બહિષ્કૃત અને વંચિત જૂથો પર ધ્યાન આપવામાં આવે છે અને પ્રક્રિયાઓ તથા તકનિકોમાં નવતર મોડેલ્સનું નિદર્શન કરવામાં આવે છે. જો વહીવટી તંત્રના તમામ સ્તરે નાગરિક સમાજ સંગઠનો (સીએસઓ) અને કલ્સ્ટર ફેસિલિટેશન ટીમ (સીએફટી)ને સંસાધન સંગઠન (રિસોર્સ ઓર્ગેનાઇઝેશન) તરીકેની માન્યતા આપવામાં આવે, તો જ આ પ્રોજેક્ટ સફળ થશે. નાગરિક સમાજ સંગઠનો (સીએસઓ) અને કલ્સ્ટર ફેસિલિટેશન ટીમ (સીએફટી)ને કાર્યક્રમ માટેની જવાબદાર વ્યવસ્થાના ભાગરૂપે ન ગણતાં તેમણે નક્કી કરેલી ક્ષતિઓ પર ધ્યાન આપવા માટે સંયુક્તપણે પદ્ધતિસરના ઉપાયો વિકસાવવા પર પૂરતું ધ્યાન આપવું જોઈએ. ■

# ગુજરાતમાં 'પેસા'ના અમલીકરણને અર્થપૂર્ણ બનાવવું - કેટલાંક અવલોકનો

૯ ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ (ઇન્ટરનેશનલ ડે ઓફ વર્લ્ડ્ઝ ઇન્ડિજિનસ પીપલ)ની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં 'પેસા'ના અમલીકરણ વિશે લખવાનું મને સૂચન કરવા બદલ હું પ્રોફેસર વિદ્યુત જોશીનો આભારી છું. છેલ્લાં ૨૦ વર્ષોમાં વિવિધ સત્તાવાર તથા બિન-સત્તાવાર સલાહ-મસલતોમાં ભાગ લઈને મેળવેલા અનુભવો તથા પંચાયતી રાજ સંસ્થાઓના ક્ષમતા-વર્ધનના અનુભવોના આધારે મેં આ લેખ લખ્યો છે. 'અર્થપૂર્ણ બનાવવું' (મેકિંગ સેન્સ) એ શીર્ષક અંદામાન ટાપુ પર વસતા જારવા આદિવાસી સમુદાય અંગેના વિશ્વજિત પંડ્યા અને મજુમદારના લેખમાંથી લેવામાં આવ્યું છે. (EPW, નં. ૪૪, નવેમ્બર ૩, ૨૦૧૨). આ લેખ ઉન્નતિના નિદેશક **બિનોય આચાર્ય** દ્વારા લખવામાં આવ્યો છે.

પંચાયત (એક્સ્ટેન્શન ઇન શિડ્યૂલ એરિયા) એક્ટ, ૧૯૯૬ (પેસા) સામુદાયિક સંસાધનોની પરંપરાગત વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓ, ધાર્મિક તથા સામાજિક પ્રવૃત્તિઓ અને પ્રચલિત કાનૂન સાથે તાદાત્મ્ય સાધીને (કલમ ૪(બી) હેઠળ) આદિવાસી વિસ્તારો (અનુસૂચિ ૭ અને ૬)માં વિકેન્દ્રીકૃત વહીવટ માટેની તક પૂરી પાડે છે. આ અધિનિયમનો અમલ કરવા માટે છેલ્લાં વીસ વર્ષોમાં સરકાર દ્વારા ઘણા ઓછા પ્રયત્નો કરવામાં આવ્યા છે. ગુજરાતમાં આદિવાસી સમુદાયની બહોળી વસતિ કુલ વસ્તીના ૧૪.૮ ટકા અને તેમાં ૧૭.૮ ટકા ભીલ સમુદાય હોવા છતાં રાજ્યમાં શા માટે 'પેસા'ને પ્રાધાન્ય નથી આપવામાં આવ્યું તે જાણવાનો તથા નીતિ નિર્ધારકો અને ઉપરી વહીવટદારોનું તે તરફ ધ્યાન દોરવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

સાતમી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ માનનીય મંત્રી, પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર, ડો. સી. પી. જોશીના અધ્યક્ષસ્થાને ઉદયપુર ખાતે 'પેસા' પરની પ્રાદેશિક કાર્યશિબિર યોજાઈ હતી. આદિવાસી જિલ્લાઓ, સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી વતી પાંચ જિલ્લા પંચાયત પ્રમુખોએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગુજરાત સરકારે આ લેખના લેખકને એનજીઓ પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે નામાંકિત કર્યા હતા. આ સલાહ-મસલત થકી પરિસ્થિતિનું યથાર્થ ચિત્ર ઉપસ્યું. 'પેસા' જિલ્લામાંથી આવતા તમામ જિલ્લા પંચાયત પ્રમુખોએ ચર્ચાવિચારણામાં સ્પષ્ટ કર્યું હતું કે પ્રચલિત કાયદા હેઠળ વહીવટ થાય તેમ તેઓ નથી ઈચ્છતા. સાથે-સાથે તેમણે એ પણ સ્પષ્ટતા કરી હતી કે તેઓ તેમના વર્તમાન વ્યવહારમાં ભીલના પ્રચલિત કાનૂનનો અમલ કરતા નથી. કેટલાક સામાજિક-સાંસ્કૃતિક આદિવાસી વ્યવહારો પ્રચલિત હશે, પરંતુ તે જાહેર જીવનને લગતા ન રહેતાં જીવનના વ્યક્તિગત ક્ષેત્ર પૂરતા સીમિત છે. આ અભિપ્રાયની વાસ્તવિક રજૂઆત સામે પ્રશ્નાર્થ ખડો થઈ શકે છે, પરંતુ રાજ્યમાં આ અભિપ્રાય પ્રાધાન્ય ધરાવે છે. 'પેસા' વિસ્તારમાં સરપંચો સાથેની અમારી વાતચીતમાં, સરપંચોમાં જોગવાઈઓ અંગે અમલીકરણની પ્રક્રિયા વિશે જાણકારી મેળવવાની ઉત્સુકતા જોવા મળી હતી. જ્યારે ચૂંટાયેલા સરપંચોએ જાણ્યું કે શિડ્યૂલ એરિયામાં ગ્રામ સભા કે પંચાયતો યોગ્ય સ્તરે જળાશયોના વ્યવસ્થાપન અને આયોજન, ગૌણ ખનીજોને લીઝ (ભાડાપટ્ટે આપવું) પર આપવા તથા તેનું ઓક્શન (હરાજી) યોજવા સહિતના તેના વ્યવસ્થાપન, ગૌણ વન્ય પેદાશોની માલિકી, નાણાં ધિરાણ પર નિયંત્રણો વગેરેને લગતા અધિકારો ધરાવે છે, ત્યારે તેમનામાં સશક્તિકરણનો ભાવ જાગ્યો. તેઓ કુદરતી સંસાધનો, ગૌણ વન્ય પેદાશો અને ગૌણ ખનીજોના સંદર્ભમાં વ્યવસ્થાપનના વિકેન્દ્રીકરણની તરફેણ કરે છે તે સ્પષ્ટ છે. સત્તાની સોંપણીની પ્રક્રિયામાં ભીલ આદિવાસીઓના પરંપરાગત રીત-રિવાજો આડે આવતા નથી.

તાજેતરમાં જ, (૩૦ જાન્યુઆરી, ૨૦૧૫) 'પેસા' અંગે પંચાયતી રાજ મંત્રાલય - ભારત સરકાર અને પંચાયતી રાજ વિભાગ - ગુજરાત સરકાર વચ્ચે સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં ભાગ લેવાનો આ લેખકને લાભ મળ્યો હતો. આ સમીક્ષા બેઠકમાં સચિવો તથા ઉચ્ચ કક્ષાના અન્ય અધિકારીઓ ઉપરાંત 'પેસા'માંથી પસંદગીયુક્ત પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અધિનિયમની કલમ ૪(ડી)ના અમલીકરણના મુદ્દે (દરેક ગ્રામ સભા લોકોની પરંપરા તથા રિવાજો, લોકોની સાંસ્કૃતિક ઓળખ, સામુદાયિક સંસાધનો અને તકરાર નિવારણની તેમની પ્રચલિત ઢબનું જતન કરવા માટે તથા તેને સુરક્ષિત રાખવા માટે સક્ષમ હશે) રાજસ્થાન સરકાર વતી સામુદાયિક પરંપરા સાથે તકરાર નિવારણની પ્રક્રિયાના અમલીકરણ અંગે રજૂઆત કરવામાં આવી હતી. રાજસ્થાન સરકારના 'પેસા' નિયમો (૨૦૧૧, Ch.III, Sec. ૧૧-૧૬) અનુસાર ઇન્ડિયન પીનલ કોડ, ૧૮૬૦ હેઠળ બે વર્ષ કરતાં ઓછી કેદની સજાની જોગવાઈ હોય તેવા ગૌણ ગુનાઓ અને સ્થાનિક સ્તરની તકરારોનું નિવારણ ગ્રામ સભા દ્વારા અને ગ્રામ સભાએ રચેલી શાંતિ સમિતિ (પીસ કમિટી) દ્વારા સમુદાયની પરંપરા અને ભારતના બંધારણને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે.

ગામની શાંતિનો ભંગ કરતા બનાવો, અંધશ્રદ્ધા અને જાદુટોણાને લગતા બનાવો, તકરારોનું નિવારણ વગેરેને લગતી બાબતોમાં શાંતિ સમિતિ અને ગ્રામ સભા નિર્ણય લેવાની સંપૂર્ણ અધિકૃતતા ધરાવે છે. ગ્રામ સભા મામલા વિશેની વાસ્તવિક અને વૈજ્ઞાનિક માહિતી મેળવવા માટે નિરીક્ષકને ઉપસ્થિત રાખવાની વિનંતી જિલ્લા કલેક્ટરને કરી શકે છે. જ્યારે પોલીસ આવી ગૌણ તકરારો વિશે માહિતી મેળવે, ત્યારે અધિકારીએ મામલાનો વિગતવાર અહેવાલ ગ્રામ સભા સમક્ષ રજૂ કરવાનો રહે છે. શક્ય હોય ત્યાં સુધી ગૌણ વિવાદોનું નિરાકરણ ગ્રામ સભામાં શાંતિ સમિતિ દ્વારા લાવવામાં આવશે. સંઘર્ષ નિવારણની આદિવાસી સમુદાયની પરંપરા અને સંસ્કૃતિ સાથે આ જોગવાઈ તાલમેલ સાધે છે. ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓનો પ્રતિભાવ નોંધવો રસપ્રદ થઈ પડશે. તેમનો એવો મત છે કે ઇન્ડિયન પીનલ કોડ, ૧૮૬૦ હેઠળ આવતા હોય તેવા કોઈ પણ ગુના કે વિવાદનું નિરાકરણ પરંપરા અને સંસ્કૃતિના આધારે લાવવું જોઈએ નહીં.

આ એ જ ભીલ સમુદાય છે જે ગુજરાત અને રાજસ્થાનમાં વસવાટ કરે છે. એક રાજ્યમાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને પુનઃસ્થાપિત કરીને આધુનિક સમયના સંદર્ભમાં તેને કાર્યરત કરવા માટે પૂરતી મોકળાશ પૂરી પાડવામાં આવે છે, જ્યારે બીજા રાજ્યમાં વહીવટી વ્યવસ્થાની સાથે-સાથે આદિવાસી સમુદાય અને આગેવાનો દ્વારા તેનો જોરદાર વિરોધ કરવામાં આવે છે. ગુજરાત અને રાજસ્થાન એ બંને રાજ્યોમાં એવાં નાગરિક સમાજ જૂથો આવેલાં છે, જે 'પેસા'નો અમલ કરવા માટે સરકાર સાથે વાટાઘાટ કરવાની સાથે-સાથે આદિવાસી સમુદાયને ગતિશીલ બનાવે (એકત્રિત કરીને કામે લગાડે) છે. આ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી સમુદાયો તેમની સંસ્કૃતિ અને પરંપરાના આધારે સ્થાનિક સંઘર્ષ અને વિખવાદોનું વ્યવસ્થાપન કરી શકે અને તેમનાં કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન કરી શકે તે માટે તેમને સત્તાની સોંપણી કરવાનો છે. ગુજરાતમાં યોજાતી ઘણી ચર્ચાસભાઓમાં એવું સાંભળવા મળ્યું છે કે આદિવાસી સમુદાયોની પરંપરા અને સંસ્કૃતિને ઇન્ડિયન પીનલ કોડ સાથે સુસંગત રીતે જોડવાની દ્રષ્ટિએ તપાસ્યા અને કાયદાના સ્વરૂપમાં ઢાળ્યા બાદ જ તકરારના મામલાઓ નિવારણ માટે ગ્રામ સભાને સોંપવા જોઈએ. એક સમયના અગ્રણી સિવિલ સર્વિસ ઓફિસર, શ્રી બી. ડી. શર્માએ 'પેસા'ને લોકપ્રિય બનાવવાના અભિયાનમાં 'પેસા'ને ક્રાન્તિકારી અધિનિયમ ગણાવીને આદિવાસી સમુદાયોને આ અધિનિયમના અમલીકરણની માગણી કરવાની હાકલ કરી હતી. તેમણે હિંદીમાં 'ડોલ ઊઠા હિમાલય' નામની લોકપ્રિય પુસ્તિકા લખી હતી. સંજય ઉપાધ્યાય (ઇપીડબલ્યુ, નં. ૪૧, ઓક્ટો. ૯-૧૫, ૨૦૧૦) લખે છે કે સંસદમાં અને સંસદ બહાર ઘણી ઓછી ચર્ચા સાથે પીઇએસએ ઘડાયો હતો. એટલું જ નહીં, 'પેસા' ઘડાયાનાં વીસ વર્ષ બાદ આજે પણ આ અધિનિયમના મુખ્ય વિચાર તથા લાભ અંગે ઘણી ઓછી જાણકારી પ્રવર્તે છે. આ અધિનિયમ આદિવાસી સમુદાયને કુદરતી સંસાધનોના વ્યવસ્થાપન અંગે સ્વયં વહીવટ કરવાની તક પૂરી પાડે છે.

ભારતમાં વહીવટની પ્રક્રિયા, વિકેન્દ્રીકૃત વહીવટને મજબૂત કરવાને બદલે વહીવટી માધ્યમ સાથેની યોજનાઓનું અમલીકરણથી વધુ પરિચિત છે. ગુજરાતમાં આદિવાસી વિકાસની વહીવટી વ્યવસ્થા 'ગુજરાત પેટર્ન' તરીકે જાણીતી છે, જેમાં આદિવાસી પેટા યોજનાનું બજેટ આદિવાસી વિસ્તારમાં યોજનાઓના અમલ માટે જુદા-જુદા વિભાગોને પૂરું પાડવામાં આવે છે. અહીં એવું પણ કહી શકાય કે, ગુજરાતમાં વહીવટી તંત્ર દ્વારા એમજીનરેગાનો અમલ તાલુકા કક્ષાએ કરવામાં આવે છે. ગ્રામ પંચાયતો ફક્ત કાર્યોની યોજના ઘડે છે અને તેને મંજૂરી આપે છે. કદાચ, સેવા પૂરી પાડવામાં યોજનાઓના અમલીકરણનાં વર્ષો દરમિયાન વહીવટી તંત્ર દ્વારા વિકેન્દ્રીકૃત વહીવટ પર અપૂરતો ભાર મૂકવામાં આવ્યો છે, ખાસ કરીને 'પેસા'માં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદિવાસી સમુદાયના સશક્તિકરણ વિનાના યોજના આધારિત વિકાસને કારણે આદિવાસી આગેવાનોમાં પણ એવી લાગણી જન્મી છે કે આદિવાસી સમુદાયની મુખ્ય પ્રવાહમાં સામેલગીરી પરંપરા અને રીત-રિવાજો આધારિત વહીવટને મજબૂત કરવાથી નહીં, બલકે યોજનાઓના અમલીકરણમાં સહભાગિતા થકી જ શક્ય બનશે.

ઉદાહરણ તરીકે, દક્ષિણ ગુજરાતના કોટવાલિયા આદિવાસી સમુદાય માટે વાંસ તેમના જીવન-નિર્વાહનો મુખ્ય આધાર છે. ગૂજરાત વિદ્યાપીઠના શ્રી અરૂણ પટેલે ઇન્ડિયન જર્નલ ઓફ ટ્રેડિશનલ નોલેજ (૨૦૦૫)માં લખેલા લેખમાં નોંધ્યું હતું કે, કોટવાલિયા સમુદાય વાંસમાંથી બાવીસ (૨૨) ઉત્પાદનો બનાવે છે. જો કે, વાંસ મેળવવા માટે તેમણે વન વિભાગ પર નિર્ભર રહેવું પડે છે. વાંસના જંગલ પર તેમની કોઈ માલિકી નથી. કોઈ પણ પ્રકારનાં કુદરતી સંસાધનો પર સમુદાયના હક્કો વિસ્તારિત કરવા માટે ગુજરાતમાં કોઈ જાણીતી ચળવળ આકાર પામી નથી. મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવાં પાડોશી રાજ્યોમાં કુદરતી સંસાધનો પર આધારિત પરંપરાગત પ્રવૃત્તિઓ માટેના સમુદાયના અધિકારો અને વ્યવસ્થાપનને પ્રસ્થાપિત કરવા માટે ઘણી ચળવળો થઈ ચૂકી છે. મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના મેંઢાલેખા ગામે પરંપરાગત કાનૂન આધારિત સ્વયં સંચાલનમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે. મેંઢાલેખાના સ્વ-શાસનની ગાથા ઇન્ટરનેટ પર પણ મોજૂદ છે.

મેંઢાંલેખામાં ગામને લગતા તમામ નિર્ણયો ગ્રામ સભામાં લેવાય છે. કોઈ પણ કામ કરવાનો આશય ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ, સંશોધન કરતાં સંગઠનો, સરકારે કે બહારની કોઈ પણ એજન્સીએ ગ્રામ સભાની પરવાનગી લેવી પડે છે. આ ગામમાં વન સુરક્ષા સમિતિ - વીએસએસ (વન સંરક્ષણ સમિતિ)ની રચના કરવામાં આવી છે. આ સમિતિ ગ્રામ સભાના સભ્યો અને વન વિભાગના અધિકારીઓની બનેલી છે. તે વન વ્યવસ્થાપનની ગ્રામ સભા પ્રેરિત સંસ્થાકીય કામગીરી હોવાથી તેના નિયમો ગ્રામ સભા અને વીએસએસ દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. તકરારોનું નિવારણ ગ્રામ સભામાં કરવામાં આવે છે. બજારમાંથી દારૂ મેળવવા પર પૂર્ણ પ્રતિબંધનો તેમણે સફળ અમલ કર્યો છે. ગ્રામ સભા પ્રસંગ, વિધિ વગેરે હેતુ માટે વપરાનારા પરંપરાગત દારૂના ઉત્પાદનને નિયંત્રિત કરે છે. નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની સક્રિય ભાગીદારી છે. મહિલાઓ ગ્રામ સભાએ લીધેલા નિર્ણયને નામંજૂર કરવાનો અધિકાર ધરાવે છે. તરૂણાવસ્થાના શિક્ષણ માટે મેંઢાંલેખામાં પરંપરાગત જ્ઞાનના સ્રોત તરીકે ઘોટુલની સંસ્થાને પુનઃજીવિત કરી છે.

રસપ્રદ હકીકત એ છે કે મેંઢાંલેખાનાં સ્વ-શાસનનાં મૂળ ૭૩મા બંધારણીય સુધારા અને ૧૯૯૬માં  પેસા  લાગુ થયો તેના કરતાં પણ જૂનાં છે. મેંઢાંલેખાએ ઘણાં ગામો અને સ્થાનિક આગેવાનોને પ્રેરણા પૂરી પાડી છે. મહારાષ્ટ્રમાં ચંદ્રપુર જિલ્લાના સાઇગતા ગામે તથા કેરળના કોઝિકોડ જિલ્લાના ઓલાવન્ના ગામે સ્વ-શાસન તંત્રનું આદર્શ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. ઓલાવન્નાના જળ સંગ્રહ તથા વ્યવસ્થાપને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. થાઇલેન્ડ, ફિલિપાઇન્સ, સુદાન, ઇરાન, ચીન અને અમેરિકા જેવા દેશોના જળ વ્યવસ્થાપન ક્ષેત્રના નિષ્ણાતો ઓલાવન્નાની મુલાકાત લઈ ચૂક્યા છે. મેંઢાંલેખાના સ્વ-શાસનને તેના લોકપ્રિય સ્લોગન - 'दिल्ली मुंबई आमचा सरकार, आमचे गामवत आमची सरकार' (દિલ્હી અને મુંબઈ આપણી સરકાર છે, આપણા ગામમાં આપણે સ્વયં સરકાર છીએ). એવું પણ નથી કે સ્વ-શાસન પ્રસ્થાપિત કરવાના તમામ નિર્ણયો સરળતાથી લેવાઈ જાય છે. ગામ અને સરકાર વચ્ચે ગંભીર સંઘર્ષ સર્જાયો હોવાના સેંકડો દાખલા મોજૂદ છે. મેંઢાંલેખા સ્વ-શાસન પ્રસ્થાપિત કરવામાં ઘણી લાંબી મજલ કાપી ચૂક્યું છે. હાલમાં આ ગામ ગ્રામ સભામાં વન પેદાશો માટેના દર નક્કી કરી રહ્યું છે અને જાહેર હરાજી (ઓક્શન) સાથે સંકળાયેલું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હરાજી (ઓક્શન)નો દર વન વિભાગે નક્કી કરેલા દર કરતાં ઘણો જ વધારે હતો. મેંઢાંલેખા ગ્રામ સભા પાન કાર્ડ અને વેટ રજિસ્ટ્રેશન પણ ધરાવે છે.

મેંઢાંલેખા એક અંતરિયાળ ગામ છે, જેમાં મારિયા ગોંડ સમુદાય વસે છે. આ સમુદાય આદિવાસી પ્રચલિત કાયદાના આધારે તેમના ગામનો વહીવટ સંભાળે છે અને સાથે જ તેમણે વ્યવસ્થાપનની આધુનિક પદ્ધતિઓને પણ અપનાવી છે. તેને એક અલગ, એકાકી ઉદાહરણ ગણાવી શકાય અને પરિણામનું શ્રેય વૃક્ષમિત્ર (મોહન હિરાબાઈ હિરાલાલ), કલ્પવૃક્ષ જેવાં બહારનાં સંગઠનો અને યુવાન આદિવાસી નેતા દેવજી તોફાને આપી શકાય. મેંઢાંલેખાના ઉદાહરણનું વ્યાપક અનુકરણ કરવામાં નથી આવ્યું, પરંતુ આ ઉદાહરણ એવો સ્પષ્ટ સંકેત આપે છે કે આદિવાસી સમુદાયના પરંપરાગત પ્રચલિત કાનૂન થકી આ સમુદાયનું સંચાલન કરી શકાય છે અને સાથે જ આ સમુદાયને મુખ્ય પ્રવાહના સમાજમાં સાંકળી શકાય છે.

આ લેખના લેખકને ૨૦૧૫ના પ્રારંભમાં રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના કોટડા તાલુકા ખાતે યોજાયેલા 'આદિવાસી સંમેલન'માં ઉપસ્થિત રહેવાની તક સાંપડી હતી. આદિવાસી ગ્રામ્ય સંગઠનો (આસ્થા, ઉદયપુર સ્થિતિ એનજીઓ અને ભાગીદાર સંગઠનોએ આદિવાસી લોક સંગઠનને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે) દ્વારા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. એવું જણાવવામાં આવ્યું હતું કે ઉદયપુર અને ડુંગરપુર જિલ્લાનાં આશરે ૧૫૦ ગામોએ 'પેસા' હેઠળ સ્વ-શાસન જાહેર કર્યું છે. સ્વ-શાસનની આકારણીમાં તેમણે જણાવ્યું હતું કે - (૧) દારૂબંધી લાગુ કરવાની અને નશીલા દ્રવ્યોના વેચાણનું નિયમન કરવાની સત્તા (૨) ગ્રામ સભાની યોજનાઓના અમલીકરણ માટે ગ્રામ વિકાસ યોજનાઓને મંજૂરી આપવી, અને (૩) સરકારી કાર્યક્રમો અંગે ગ્રામ સભા દ્વારા યુટિલાઇઝેશન સર્ટિફિકેટ (ઉપયોગિતા પ્રમાણપત્રો) જારી કરવાં - જેવાં ક્ષેત્રોમાં સંતોષજનક પ્રગતિ થઈ છે. ઉપરાંત, (૧) નાણાં ધિરાણની પ્રવૃત્તિ પર નિયંત્રણ મૂકવાની સત્તા, (૨) ગૌણ વન્ય પેદાશોની માલિકી, અને (૩) વિકાસની યોજનાઓ માટે અનુસૂચિત વિસ્તારો (શિડ્યૂલ એરિયા)માં જમીન સંપાદન કરતાં પહેલાં ગ્રામ સભા સાથે સલાહ મસલત કરવી - આ કામગીરીમાં અમુક અંશે પ્રગતિ સધાઈ છે. જ્યારે, (૧) કુદરતી ન્યાયના સિદ્ધાન્તને ધ્યાનમાં રાખીને સંઘર્ષ અને વિવાદનું પરંપરાગત રીતે નિવારણ, (૨) ગૌણ ખનીજોની હરાજી (ઓક્શન) તથા (૩) સ્થાનિક બજારનું નિયંત્રણ - આ ક્ષેત્રોમાં કોઈ પ્રગતિ થઈ નથી.

'પેસા'ની સફળતાની સ્વ-આકારણી અંગે આદિવાસી આગેવાનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતે ગુજરાતમાં 'પેસા'ની સિદ્ધિ સંદર્ભે ઘણી વિચાર પ્રક્રિયા જન્માવી છે. આ લેખક ઘણાં વર્ષોથી ગુજરાતમાં કાર્યરત છે અને ગુજરાત સરકારની સહાય થકી પીઇએસએ હેઠળ

પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓને તાલીમ પૂરી પાડી છે, 'પેસા' અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરી કરી ચૂક્યા છે અને ઘણી સત્તાવાર તેમ જ બિન-સત્તાવાર સલાહ મસલતો હાથ ધરી છે તથા તેમાં ભાગ પણ લીધો છે. અહીં, ગુજરાતમાં 'પેસા'નું અમલીકરણ શા માટે અસરકારક નથી રહ્યું તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજસ્થાનમાં લાંબા સમય સુધી ચર્ચાઓનો દોર ચાલ્યા બાદ ૨૦૧૧માં 'પેસા' નિયમો લાગુ થયા હતા. ગુજરાતમાં 'પેસા' માર્ગદર્શિકા છે, પરંતુ હજી સુધી કોઈ નિયમો નિર્દિષ્ટ કરવામાં આવ્યા નથી.

જો કે, ગુજરાતમાં 'પેસા' અધિનિયમ, ૧૯૯૬નો અભ્યાસ કરીને ઘણા અધિનિયમોને તે અનુસાર સુસંગત કરવામાં આવ્યા છે. ધ ગુજરાત મની લેન્ડર્સ એક્ટ, ૨૦૧૧માં શિડ્યૂલ એરિયામાં નાણાં ધિરાણ માટેની નોંધણી અને રિન્યૂઅલ તથા વ્યાજના દરના સંદર્ભમાં ગ્રામ સભાની મંજૂરી લેવાની જોગવાઈ કરવામાં આવી છે. ધ ગુજરાત માઇન્સ એન્ડ મિનરલ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭માં ઓગસ્ટ ૨૦૧૦માં એ મુજબની સૂચના આપવામાં આવી છે કે 'પેસા' વિસ્તારમાં ગૌણ ખનીજના ઉત્ખનનની લીઝ મેળવવા માટે ગ્રામ સભાની સ્પષ્ટ મંજૂરી મેળવવી જરૂરી છે - પ્રકરણ ૨, ૪ (૬). 'પેસા'માં પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથેની સીધી વાતચીતમાં સ્પષ્ટપણે માલૂમ પડે છે કે 'પેસા'ની તરફેણમાં આવા અધિનિયમોના સુમેળ અંગે કોઈ સમજ ન પ્રવર્તતી હોવાની સાથે-સાથે તેના અમલીકરણ બાબતે પણ ઉદાસીનતા પ્રવર્તે છે.

'પેસા' સાથેની સુસંગતતા સંદર્ભે ધ ગુજરાત માઇનર ફોરેસ્ટ પ્રોડ્યૂસ ટ્રેડ નેશનલાઇઝેશન એક્ટ, ૧૯૭૯ અને ધ ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (નિગમ)નો ઉલ્લેખ જરૂરી બની રહે છે. સૌ જાણે છે તેમ આદિવાસી લોકો મહદ્અંશે વનની પેદાશો પર નિર્ભર રહે છે અને કેટલીક ગૌણ વન્ય પેદાશોના વ્યવસ્થાપનની કામગીરીની સોંપણી કરવાથી આદિવાસી સ્વ-શાસનની વ્યવસ્થા મજબૂત બની શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગૌણ વન્ય પેદાશો મેળવવાથી માંડીને તેના સંગ્રહ, મૂલ્યવર્ધન અને વેચાણની કામગીરીનું સંપૂર્ણ નિયંત્રણ વન નિગમ દ્વારા કરવામાં આવે છે અને વ્યવસ્થાપન સોંપવા અંગે કોઈ સત્તાવાર ચર્ચા હાથ ધરાઈ નથી. હળપતિ અને કોટવાલિયા જેવા સમુદાયો ફક્ત જીવન નિર્વાહ થઈ રહે તેટલું જ ઉત્પાદન ધરાવે છે. તેથી, જો ગૌણ વન્ય પેદાશોના વ્યવસ્થાપનની કામગીરી, સમુદાય અધિકારો હેઠળની વન્ય જમીન અને વાંસ ઊગાડવાની કામગીરી આદિવાસી સમુદાયોને સોંપી દેવામાં આવે, તો તેમને ઘણો લાભ થઈ શકે છે. વન નિગમ ગૌણ વન્ય પેદાશોના વેચાણથી થયેલા નફાની નિશ્ચિત રકમ સંબંધિત પંચાયતોને સોંપે છે. જ્યારે, પંચાયતી રાજ સંસ્થાઓ નફાની આવી સોંપણીથી પોતે અજાણ હોવાનું જણાવે છે. પરંપરાગત વપરાશના હેતુથી દારૂના ઉત્પાદન પર નિયમન અને નિયંત્રણના સંદર્ભમાં ગુજરાત સરકારે વૃદ્ધ આદિવાસી લોકો માટે પરમીટ જારી કરી છે. આ તમામ પરમીટની સમય મર્યાદા ૩૧ માર્ચ, ૨૦૧૫ના રોજ સમાપ્ત થઈ ગઈ હતી. એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે ગુજરાતના આદિવાસીઓ ભગત તરીકેની જીવનશૈલી અપનાવીને સંસ્કૃતિકરણનો માર્ગ અનુસરી રહ્યા છે.

અહીં મુખ્ય પ્રશ્ન એ છે કે ગુજરાતનો આદિવાસી સમુદાય પૂર્ણપણે/ મહદ્અંશે મુખ્યપ્રવાહમાં સામેલ થયો છે કે કેમ તથા તેમણે તેમના સ્થાનિક વહીવટમાં તેમનો પ્રચલિત કાયદો લાગુ કરવો જરૂરી છે કે નહીં. આ સમજૂતી કેટલી ગહન અને વ્યાપક છે? શું તે લોકો પર લાદવામાં આવેલી 'સરકારી સ્પષ્ટતા' છે કે પછી આદિવાસી પરંપરા, સંસ્કૃતિ અને રીત-રિવાજોમાંથી મુક્ત થવા માટેની ગુજરાતની આદિવાસી સમુદાયોની આકાંક્ષા છે? એવો અભિપ્રાય છે કે આદિવાસી કલ્યાણકારી કાર્યક્રમોની સાથે-સાથે 'આદિમ જનજાતિ' - પ્રિમિટિવ ટ્રાઇબલ ગ્રુપ્સ (પીટીજી - પ્રાથમિક અવસ્થાનાં આદિવાસી જૂથો) માટેના નિર્દિષ્ટ કાર્યક્રમોમાં પણ આદિવાસી સમુદાયોને સત્તાની સોંપણી કરવા પર નહિવત્ ભાર મૂકાયો છે. અંદામાન ટાપુઓના જારવા આદિવાસી સમુદાયની પરંપરાગત જીવનશૈલીને ટકાવી રાખવા અને સમુદાય નષ્ટપ્રાય થવાની પ્રક્રિયા અટકાવવા માટે તેને બાહ્ય વિશ્વથી અલગ રાખવાની જરૂરિયાત (પંડ્યા અને મજુમદાર, ૨૦૧૨) માટે જારવા સમુદાયના સંરક્ષણની દલીલનું ઉદાહરણ ટાંકતી વખતે રોગચાળો ફાટી નીકળે તે સમયે દાક્તરી સારવાર પૂરી પાડવાની જરૂરિયાત પર ભાર મૂકવો પણ જરૂરી છે.

આદિવાસી કે તળપદી સંસ્કૃતિ અને પરંપરાનું રક્ષણ અને આધુનિક જીવનશૈલી અપનાવવી એ બંને વિરોધાભાસી બાબતો નથી. આ બંને પરિસ્થિતિનું અસ્તિત્વ એક સાથે ટકી શકે છે. 'પેસા'ની જોગવાઈઓ એ સ્વ-શાસન થકી આદિવાસી સંસ્કૃતિ અને પ્રચલિત કાનૂનનું રક્ષણ કરવાની દિશા તરફનું તથા લોકશાહી દેશના વિકાસલક્ષી કાર્યક્રમોની જોગવાઈઓ ઉપલબ્ધ બનાવવા તરફનું પગલું છે. સંસ્કૃતિકરણની પ્રક્રિયાને આપવામાં આવતું વધુ પડતું મહત્ત્વ તેમ જ પરંપરાગત સંસ્કૃતિ અને પ્રચલિત કાયદાનું રક્ષણ કર્યા વિના આદિવાસી સમુદાયને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાની પ્રક્રિયાને કારણે વિકાસ પાછળ દોટ મૂકવાની ઘેલછામાં આદિવાસી સમુદાય તેની આગવી ઓળખ ગુમાવી દેશે.

■

# અનુસૂચિત જાતિ અને જનજાતિ (એસ.સી./એસ.ટી.) માટે એટ્રોસિટી પ્રિવેન્શન એક્ટ, ૧૯૮૯માં મહત્ત્વના સુધારા

આ કાયદામાં મહત્ત્વના સુધારા અંગેનો આ લેખ 'ઉન્નતિ'ના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, **કિરીટ પરમાર** દ્વારા દલિત અધિકાર સામયિક અને અન્ય સ્રોતોમાંથી સંકલિત કરીને તૈયાર કરવામાં આવ્યો છે.

ભારત દેશના બંધારણની કલમ ૧૭ મુજબ અસ્પૃશ્યતાની દરેક પદ્ધતિને નાબૂદ કરવામાં આવી છે. આ બંધારણીય બદલાવને કાયદા સ્વરૂપે મજબૂતી આપવા માટે વર્ષ ૧૯૫૫માં અસ્પૃશ્યતા નિવારણ અંગેનો કાયદો અમલમાં આવ્યો. હવે તે સિવીલ રાઈટ્સ અધિનિયમ તરીકે ઓળખાય છે. સામાજિક ન્યાયની આ વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે વર્ષ ૧૯૮૯માં 'પ્રિવેન્શન ઓફ એટ્રોસિટિસ' નો કાયદો અમલી બન્યો. આ કાયદાના નિયમો ૧૯૯૫માં ઘડવામાં આવ્યા. આ કાયદામાં અનુસૂચિત જાતિ અને જનજાતિ સામેના અત્યાચારના કિસ્સાઓને રોકવા માટે ગુનેગારને સજા અને અસરગ્રસ્તને રાહત અને વળતરની વ્યવસ્થા ઉપરાંત, કાયદાના અમલ અને દેખરેખની વ્યવસ્થા કરવામાં આવી છે.

દેશમાં જાતિ આધારિત ભેદભાવ, શોષણ અને અત્યાચાર નિવારણ માટે આ કાનૂની વ્યવસ્થા ઘણી સહાયરૂપ બની છે. એટ્રોસિટી એક્ટનાં નામથી પ્રચલિત આ કાયદો અનુસૂચિત જાતિ અને જનજાતિ પ્રત્યેના ભેદભાવ અને અત્યાચાર સામે લડવા માટે મજબૂત કાનૂની હથિયાર છે. જો કે, હજી પણ આ કાયદા હેઠળ સજા થવાની ગતિ ધીમી છે અને સંખ્યા ઓછી છે.

આ કાયદો અમલ થાય બાદ અનુભવોના આધારે વખતો વખત સુધારા થતા રહ્યા છે જેની તવારીખ આ મુજબ છેઃ

(૧) સપ્ટેમ્બર-૧૯૮૯માં કાયદો ઘડાયો.

(૨) માર્ચ-૧૯૯૫માં નિયમો બહાર પડ્યા.

(૩) નવેમ્બર-૨૦૧૩માં સબડિવિઝન સ્તરે તકેદારી અને દેખરેખ સમિતિની રચના અને દરેક સ્તરે કેન્દ્ર સરકારના પ્રતિનિધિની નિમણૂકની જોગવાઈ.

(૪) માર્ચ-૨૦૧૪ના આ કાયદામાં વટહુકમ દ્વારા નવા પ્રકરણ અને પરિશિષ્ટ ઉમેરાયાં, જેમાં ભેદભાવ અને હિંસાના નવા કૃત્યો આવરી લેવામાં આવ્યાં.

(૫) ઓગસ્ટ-૨૦૧૫ કાયદાના સુધારાઓને લોકસભામાં મંજૂર કરવામાં આવ્યા.

આ કાયદાને વધુ અસરકારક રીતે અમલીકરણ માટે ઘણા સમયથી પ્રયત્નો થતા રહ્યા છે. સામાજિક સંસ્થાઓ અને દલિતો અને આદિવાસીઓના અધિકારો અંગે કાર્યરત કર્મશીલો દ્વારા પ્રયત્નો થતા રહ્યા. માર્ચ-૨૦૧૪માં વટહુકમ દ્વારા કાયદામાં સુધારા અમલી બનાવ્યા, પરંતુ આ દરમિયાન કેન્દ્ર સરકાર બદલાતા અને છ માસ સુધીમાં વટહુકમને સંસદમાં મંજૂર ન થવાને કારણે એ રદ થયો. આ સુધારા ઓગસ્ટ ૨૦૧૫માં નવેસરથી સંસદમાં રજૂ કરી મંજૂર કરવામાં આવ્યા છે.

આ સુધારામાં કેટલાંક નવા કૃત્યોને આ કાયદા હેઠળ ગુના તરીકે ગણવામાં આવ્યાં છે. આ ઉપરાંત એસ.સી./એસ.ટી. સિવાયના સરકારી કર્મચારીઓને પોતાની ફરજ પ્રત્યેની બેદરકારી કે ઉપેક્ષાને આ કાયદા હેઠળ ગુનાહીત કૃત્ય તરીકે ગણવામાં આવ્યું છે. આ કાયદા હેઠળના ગુનાઓના ઝડપી નિકાલ માટે જિલ્લા સ્તરે એક્સક્લુઝિવ ખાસ કોર્ટ સ્થાપવા અંગે સૂચવવામાં આવ્યું છે. પીડિત અને સાક્ષીઓના રક્ષણ અને અધિકારીઓની જોગવાઈ છે.

## આ કાયદા હેઠળના સુધારાઓની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ

નવા સુધારા મુજબ નીચે મુજબનાં કૃત્યો આ કાયદા હેઠળ ગુનો ગણાયઃ

(૧) અનુસૂચિત જાતિ/જનજાતિના નાગરિકને કોઈ ચોક્કસ ઉમેદવારની તરફેણમાં કે વિરોધમાં મત આપવાની ફરજ પાડવી.

(૨) અનુસૂચિત જાતિ/જનજાતિની માલિકીની જમીનને 'ખોટી રીતે' પચાવી પડાવી. નવા સુધારામાં 'ખોટી રીત'ની સ્પષ્ટતા કરવામાં આવી છે.

(૩) મહિલા પરના અત્યાચાર અન્વયે નવી જોગવાઈ કરવામાં આવી છે.

- અનુસૂચિત જાતિ/જનજાતિની મહિલાને તેની સંમતિ વિના, ઈરાદાપૂર્વક સ્પર્શ કરવો, જાતીયતા સૂચક શબ્દો, કૃત્ય કે સ્વભાવ, દેવદાસી બનાવવી અથવા એવા કોઈ રિવાજમાં ધકેલવી.

(૪) અન્ય અપરાધો

- આદરપાત્ર હોય, પૂજનીય હોય તેવી પ્રતિમા કે મૂર્તિઓને જોડા કે ચંપલનો હાર પહેરાવવો.
- માનવ કે પશુના મૃતદેહને લઈ જવાની કે તેનો નિકાલ કરવાની ફરજ પાડવી, મેલું/મળ સાફ કરવાની ફરજ પાડવી.
- અનુસૂચિત જાતિ/જનજાતિની વ્યક્તિને જાતિસૂચક અપમાનજનક ઉલ્લેખથી બોલાવવી.
- અનુસૂચિત જાતિ/જનજાતિનાં વ્યક્તિ વિરુદ્ધ દ્વેષની લાગણી ફેલાવવી અને આદરણીય ગણાતી મૃત વ્યક્તિનું અપમાન કરવું.
- સામાજિક કે આર્થિક બહિષ્કાર કરવો અથવા તેવું કરવાની ધમકી આપવી.
- અનુસૂચિત જાતિ/જનજાતિને જાહેર સામૂહિક સંસાધનોનો ઉપયોગ કરતા અટકાવવા.
- જાહેર જનતા માટે ખુલ્લાં ધર્મસ્થાન અને પૂજા સ્થાનોમાં પ્રવેશ અટકાવવો.
- શિક્ષણ અને આરોગ્ય અંગેની સંસ્થામાં પ્રવેશ અટકાવવો.

આ સુધારા મુજબ મહત્ત્વની જોગવાઈ એ છે કે ગુનો આચરનાર, પીડિતની જ્ઞાતિ વિશે જાણતો નહોતો એવું સાબિત કરવાની જવાબદારી ગુનો આચરનાર આરોપીની રહેશે, નહીંતર અદાલત એવું માની લેશે કે આરોપી પીડિતની જ્ઞાતિથી વાકેફ હતો.

(૫) આ કાયદાના મામલે ફરજચૂક કરનાર બિન અનુસૂચિત જાતિ/જનજાતિના સરકારી કર્મચારીને છ માસથી ૧ વર્ષ સુધીની સજા થઈ શકે. તેમાં નીચે મુજબની ફરજનો સમાવેશ કરવામાં આવ્યો છે:

૧) ફરિયાદ કે એફ.આઈ.આર. નોંધવી.

૨) ફરિયાદીએ સંભળાવેલી વિગતોના આધારે કરેલાં લખાણ પર તેની સહિ લેતાં પહેલાં આખું લખાણ વાંચી સંભળાવવું અને તેને લખાણની નકલ આપવી.

(૬) હાલના કાયદામાં જિલ્લા સ્તરની સેશન્સ કોર્ટને સ્પેશ્યલ કોર્ટ ગણી તેમાં ખાસ સરકારી વકીલ નીમવાની જોગવાઈ હતી, નવા સુધારા મુજબ જિલ્લા સ્તરે આ કાયદા હેઠળના કેસોની ઝડપી કાર્યવાહી માટે એક્સલુઝિવ સ્પેશ્યલ કોર્ટ (અલગ ખાસ કોર્ટ) ની જોગવાઈ છે. ઓછા કેસ હોય તેવા જિલ્લામાં સ્પેશ્યલ કોર્ટ સ્થાપવાનું જણાવાયું છે. આ કાયદા હેઠળના દરેક કેસનો નિકાલ વધુમાં વધુ બે મહિનામાં થઈ જાય તે માટે પૂરતી સંખ્યામાં અદાલતોની વ્યવસ્થા કરવી.

જિલ્લા સ્તરની આ બંને અદાલતો માટે સરકારી વકીલ અને એક્સલુઝિવ સરકારી વકીલની નિમણૂક કરવામાં આવશે. આ અદાલતોના ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ કરી શકાય પણ હાઈકોર્ટમાં તેનો નિકાલ વધુમાં વધુ ત્રણ મહિનામાં થવો જોઈએ.

(૭) નવા સુધારામાં અત્યાચારનો ભોગ બનનાર અને સાક્ષીઓના અધિકારો અંગે આખું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. તેમના અને તેમનાં આશ્રિતોનાં રક્ષણની જવાબદારી રાજ્યની રહેશે. તેમના હક્કોનાં અમલ માટે રાજ્ય સરકાર ચોક્કસ યોજના કરશે. અદાલતો સાક્ષીઓના નામ ગુપ્ત રાખશે. ફરિયાદ કરનાર કે સાક્ષીની હેરાનગતિની ફરિયાદો પર તરત પગલાં લેવામાં આવશે. આ ફરિયાદને મુખ્ય ફરિયાદથી અલગ ગણવામાં આવશે અને તેનો નિકાલ પણ બે મહિનામાં કરવાનો રહેશે.

લોકસભામાં મંજૂર થયેલા આ સુધારા રાજ્યસભામાં મંજૂર થયા બાદ રાષ્ટ્રપતિની મંજૂરીથી કાયદામાં ફેરવાશે. આ સુધારાઓનો મુખ્ય આશય જાતિવાદ અંતર્ગત થતાં ભેદભાવ, શોષણ અને અત્યાચારના બનાવો સામે અનુસૂચિત જાતિ - જનજાતિને રક્ષણ અને ન્યાય આપવાનો છે. સામાજિક ન્યાયમાં કાનૂની અને અદાલત ન્યાયની પ્રક્રિયા વેગવંતી અને અસરકારક બને તે માટે આ સુધારાઓ મહત્ત્વપૂર્ણ છે. ■

# સ્વચ્છ ભારતઃ કોનું અભિયાન?

## ભારતને સ્વચ્છ કરવા માટે દરેક વ્યક્તિ દરેક સમયે શૌચાલયનો ઉપયોગ કરે તે જરૂરી છે

આ લેખ યુકે સ્થિત 'યુનિવર્સિટી ઓફ સસેક્સ'ની ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલપમેન્ટના રિસર્ચ એસોસિએટ, **રોબર્ટ ચેમ્બર્સ** દ્વારા લખવામાં આવ્યો છે અને તે ઇન્ડિયન એક્સપ્રેસ અખબારની તા. ૯ ઓક્ટોબર ૨૦૧૫ની આવૃત્તિમાં પ્રકાશિત થયો હતો.

ગ્રામીણ સ્વચ્છતા વાસ્તવિક રીતે કેવી રીતે હાથ ધરી શકાય? શૌચાલયોનો અભાવ અથવા તો તદ્દન કંગાળ હાલતમાં બંધાયેલાં શૌચાલયો, વપરાશમાં ન લેવાતાં શૌચાલયો અથવા તો નકામો સામાન ભરી રાખવા માટેના ઓરડા તરીકે શૌચાલયોનો ઉપયોગ, પરિવારના અમુક સભ્યો દ્વારા તેનો વપરાશ ન કરવામાં આવે અથવા તો અમુક સમયે તેનો ઉપયોગ ન કરવામાં આવે, ખુલ્લામાં હાજતે જવાનું પસંદ કરતાં અને તેને આરોગ્યપ્રદ માનતાં લોકો... વગેરે વગેરે વાતોનો કોઈ અંત નથી. રાજકીય પ્રાથમિકતા, સબસિડીમાં વધારો અને ઉચ્ચ અધિકારીઓના સન્નિષ્ઠ પ્રયાસો છતાં આ સમસ્યા જેમની તેમ છે. આરોગ્ય વિશેના પરંપરાગત સંદેશાઓથી પણ કોઈ પરિણામ નીપજ્યું નથી. સ્વચ્છ ભારત અભિયાનને એક વર્ષ વીતી ચૂક્યું છે અને ૨૦૧૯ના લક્ષ્યાંક વર્ષ આડે ચાર વર્ષ બાકી છે. ત્યારે, શું પરિસ્થિતિમાં ફેરફાર લાવવા માટે તદ્દન ભિન્ન ઉપાય અજમાવવો પડશે?

લોકો શા માટે શૌચાલયોને બદલે ખુલ્લામાં હાજતે જવાનું પસંદ કરે છે? અથવા તો તેમની પાસે શૌચાલયો હોય, તો પણ શા માટે ક્યારેક જ તેનો ઉપયોગ કરે છે? તાજેતરના સંશોધનમાં બે મહત્વનાં કારણો જાણવા મળ્યાં છેઃ શુદ્ધતા અને પ્રદૂષણનાં કારણોસર અને ખાડા કે મળ-ટાંકી ભરાય નહીં તે માટે, કારણ કે પછી તે ખાલી કરવી પડે છે. આ મુદ્દાઓ તરફ ધ્યાન જ નથી આપવામાં આવ્યું. ખુલ્લામાં હાજતે જવાની સ્થિતિનો અંત આણવા માટે ઉપરોક્ત પરિસ્થિતિ પર ધ્યાન આપવું અને તેમાં ફેરફાર લાવવો જરૂરી છે. શૌચાલયના ઉપયોગ અને ખાડા કે ટાંકી ખાલી કરવાની બાબતને લોકો પ્રદૂષણ તરીકે નહીં, પણ સ્વચ્છતાનાં પગલાં તરીકે જુએ તે જરૂરી છે.

તાજેતરમાં ઉત્તર પ્રદેશના એક ગામની મુલાકાત દરમિયાન મને જાણવા મળ્યું કે કચરાને ખાતરમાં પરિવર્તિત કરતા આરોગ્યપ્રદ તથા પ્રમાણમાં સસ્તાં ટ્વિન-પિટ (બે શોષખાડાવાળા) શૌચાલયોને સ્થાને વધુ ખર્ચાળ મળ-ટાંકીઓ મૂકવામાં આવી હતી. આ પૈકીની કેટલીક ટાંકીઓ બિનઆરોગ્યપ્રદ હતી અને તે સ્થિર પાણીમાં ઝમતી હતી. અમને કેટલાંક બાકી રહેલાં ટ્વિન-પિટ શૌચાલયો બતાવાયાં. તેમાંનું કેટલુંક ખાતર મેં બહાર કાઢીને તપાસ્યુંઃ તે દુર્ગંધરહિત અને ભૂકા સ્વરૂપે હતું. અને હા, તે ઉપયોગી પણ હતું.

ત્યાર પછી અમે અન્ય એક ગામની મુલાકાત લીધી. ગામમાં પ્રવેશતાં જ અમે જોયું કે, એક નાનો છોકરો રસ્તાની બાજુએ મળત્યાગ કરી રહ્યો હતો. તે ચિત્ર મારા માનસપટ પર અંકિત થઈ ગયું છે. તે ગામમાં ૧૫૦ ઘરો હતાં અને આશરે ૩૦૦ મોબાઇલ ફોન હતા. ગામનાં તમામ ઘરો પાકાં હતાં. ગામમાં કેટલાંક શૌચાલયો હતાં અને તે તમામ મળ-ટાંકી ધરાવતાં હતાં. ગ્રામવાસીઓએ પોતાના ખર્ચે તે શૌચાલયો બંધાવ્યાં હતાં. ગામમાં એક પણ શૌચાલય એવું ન હતું કે જેનો પરિવારના તમામ સભ્યો દ્વારા હંમેશા ઉપયોગ કરવામાં આવતો હોય. સરકારે ૩૫ શૌચાલયો બંધાવ્યાં છે, પરંતુ તે તમામ ખરાબ દશામાં છે અને બાંધકામ પણ અધૂરું છે. આ શૌચાલયો કાં તો વેરવિખેર કરી દેવાયાં છે અથવા તો સ્ટોર તરીકે તેમનો ઉપયોગ થાય છે.

આ મુલાકાતો અને તાજેતરના સંશોધનમાંથી શું શીખવા મળે છે? સામુદાયિક ટેવોમાં સ્વચ્છ ભારતની માર્ગદર્શિકાઓ અનુસાર પરિવર્તન લાવવું એ એકમાત્ર માર્ગ છે. જે રીતે મોબાઇલ ફોન વ્યક્તિ માટે જરૂરી છે અને તે દરેક સમયે તેનો ઉપયોગ કરવા ઈચ્છે છે, તે જ રીતે દરેક વ્યક્તિ માટે શૌચાલય જરૂરી હોવું જોઈએ અને તે દરેક સમયે તેનો ઉપયોગ કરવા ઈચ્છે તે જરૂરી છે. દરેક વ્યક્તિએ આવું કરવું જોઈએ અને બીજાં લોકો પણ આમ કરે તેવી અપેક્ષા રાખવી જોઈએ તેમ જ જો કોઈ ખુલ્લામાં હાજતે જાય, તો તેનો વિરોધ કરવો જોઈએ. ધરમૂળથી પરિવર્તન લાવનારો આવો સુધારો શી રીતે કરી શકાય? અને તે પણ વ્યાપક ધોરણે? તો, પ્રેરિત અને કટિબદ્ધ નેતૃત્વ તેની પૂર્વશરત છે. સાથે જ તમામ નાગરિકો અને સંગઠનોને સાંકળીને ઝૂંબેશ હાથ ધરવામાં આવે તે પણ જરૂરી છે, જેથી કોઈ પણ વ્યક્તિ તેમાંથી બાકાત ન રહે અને તમામ લોકોમાં સમાન રજૂઆતો, ઉદાહરણો અને માહિતીનો પુનરોચ્ચાર થાય.

હું બે મુખ્ય જરૂરિયાતો અથવા તો સૂચનો પર ભાર મૂકું છું. સૌ પ્રથમ

તો, ખાડા ખાલી કરવા પર ભાર મૂકવો. બાંગ્લાદેશની માફક તમામ પ્રકારના ખાડા ખાલી કરવા માટે ઉદ્યોગ સાહસિકો અને બજારને પ્રોત્સાહન પૂરું પાડવું. મળ-ટાંકી કરતાં ટ્વિન-પિટ્સ વધુ લાભદાયી છે અને આ માહિતીનો ફેલાવો કરવા માટે આગેવાનોનો ઉપયોગ કરી શકાય. રાજકારણીઓ, ધાર્મિક વડાઓ, અધિકારીઓ અને અન્ય ઘણા આગેવાનોને પરિપક્વ અને સલામત હોય તેવા ખાડાઓમાંથી ખાતર કાઢવાનું અને જાહેર સમારંભોમાં તે દર્શાવીને તે પ્રદૂષિત નથી તેવું ભારપૂર્વક જાહેર કરવા માટે ઉત્તેજન આપી શકાય. આમ કરવાથી લોકોમાં ખાડા ખાલી કરવાનો ભય નહીં રહે.

બીજું સૂચન અથવા જરૂરિયાત જરા નિર્દયી છેઃ મિટિંગ, પોસ્ટર અને તમામ માધ્યમોમાં - ખુલ્લામાં હાજતે જવાને કારણે અવરોધાતો વિકાસ - આ મુદ્દો રજૂ કરવો. અડધા કરતાં વધુ કુપોષણ (કુંઠિત વિકાસ) માટે ખુલ્લામાં હાજતે જવાની ક્રિયા જવાબદાર છે. વસતિની ગીચતા અને ખુલ્લામાં હાજતે જવાની ક્રિયા આ બંને પરિબળોને કારણે સર્જાતા કુંઠિત વિકાસનું પ્રમાણ બે-તૃત્યાંશ જેટલું છે. ખાસ કરીને ગ્રામીણ ભારતને આ હકીકત વધુ લાગુ પડે છે. કુંઠિત વિકાસ એટલે ખામીયુક્ત જ્ઞાનાત્મક વિકાસ, ઓછું શિક્ષણ, શાળામાં નબળો કાર્ય દેખાવ, ખામીયુક્ત રોગપ્રતિકારક શક્તિને કારણે બીમારી તરત લાગુ પડવાની સ્થિતિ અને મેદસ્વિતા. આમ, ખુલ્લામાં હાજતે જનારા લોકો પર દોષનો ટોપલો ઢોળવો. ■


उन्नति

ઉન્નતિ

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬

ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org



આ બુલેટિનનાં લેખોમાં મંતવ્યો લેખકોના વ્યક્તિગત છે.



**વધુ વિગત માટે સંપર્ક: દીપા સોનપાલ**, ઈ-મેલઃ sie@unnati.org, publication@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'

મુદ્રણ: બંસીધર ઑફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭

**ફક્ત અંગત વિતરણ માટે**



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે 'વિચાર'માં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.